**સુવિચાર**

માણસ સ્વાભિમાન, આત્મસન્માન અને અહંકાર વચ્ચેનો ભેદ સમજી શકે તો માણસ મોહનમાંથી મહાત્મા બની શકે.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા) માણેકપરા, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૫/૦૭/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૧૯૧



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધ: હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
ડો.જય માકડીયા યુરોલોજીસ્ટ
તારીખ : ૨૭-૦૭-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦


## મેઘરાજાએ કાળી રાત્રિએ સટાસટી બોલાવતાં ઠેકઠેકાણે પાણી ભરાયા

# બગસરામાં આભ ફાટયું : સાડા છ ઈંચ વરસાદ

**સવારનાં સમયે જળબંબાકારની સ્થિતિ વચ્ચે શહેરીજનોને જાગૃત કરવામાં આવ્યા**

**શાળાઓ સુધી બાળકો પહોંચી શકે તેમ ન હોવાથી રજા જાહેર કરવામાં આવી**

**મુંજીયાસર જળાશયમાં પાણીની ભરપૂર આવક થતાં ગણતરીની કલાકોમાં ૭૫ ટકા ભરાયો**

**વરસાદ શરૂ થતાં જ રાત્રિનાં વીજળી ગુલ થતાં શહેરીજનો ત્રાહીમામ થયા**





તસ્વીર : સમીર વિરાણી-બગસરા





બગસરા, તા. ૨૪

બગસરામાં મંગળવારની રાત્રી દરમિયાન ધોધમાર ૬.૫ ઈંચ વરસાદ પડયો હતો જેને લીધે શહેરના અનેક વિસ્તારોના ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. સવારના સમયે શાળાઓમાં પણ રજા જાહેર કરવી પડી હતી. તિરૂપતિનગરમાં રાત્રી દરમિયાન પાણી ભરાઈ ગયા હતા. મામલતદારની સુમો ખાલી સાયરન વગાડીને ફરતી હતી પરંતુ મામલતદાર કોઈની મદદે આવ્યા ન હતા કે તિરૂપતિ વિસ્તારની વિઝીટ કરેલ ન હતી. તંત્ર દ્વારા આ નિકાલ માટે કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં આવતા લોકોનું ટોળું મામલતદાર કચેરીએ દોડી આવ્યું હતું અને હોબાળો કર્યો હતો. અધિકારી જો પબ્લિકને જવાબ નહીં આપે તો લોકો કોની વારે જાશે તેવો વેધક સવાલ લોકોમાં ગણગણાટ કરી રહ્યો છે !

વિગત અનુસાર બગસરા પંથકમાં મંગળવારની રાત્રે મેઘરાજાનું રોદ્રસ્વરૂપ જોવા મળ્યું હતું. મોડી રાત્રે શરૂ થયેલા ધોધમાર વરસાદથી સવારે આઠ વાગ્યા સુધીમાં ૬.૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેને પગલે બગસરા શહેરના બસ સ્ટેન્ડ પાસે આવેલા હરીજનવાસ તેમજ આસોપાલવ સોસાયટી, મેઘાણીનગર, જીનપરા સહિતના વિસ્તારોમાં ઘરોમાં પણ પાણી ઘૂસી જતા લોકોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. બગસરાની તિરૂપતિ નગર સોસાયટીમાં રાત્રિ દરમિયાન વરસાદના પાણી ભરાઈ જતા સવાર સુધી તંત્ર દ્વારા આ પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા ઊભી કરવામાં ન આવતા તિરૂપતિ નગરના રહેવાસીઓ પોતાની રજૂઆત સાથે રોષભેર મામલતદાર કચેરીએ પહોંચી ગયા હતા ત્યાં પણ કોઈએ તેમને સાંભળ્યા ન હતા. રાત્રી દરમિયાન પડેલા ધોધમાર વરસાદને કારણે બગસરા આવતા અમરેલી તરફનો વાહન વ્યવહાર અટકી પડયો હતો જે સવારે ૯:૦૦ વાગ્યા પછી શરૂ થયો હતો. રાત્રિ દરમિયાન પડેલા વરસાદને કારણે સવારના સમયે અનેક શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. ધોધમાર વરસાદને લીધે શહેરમાં રાતથી જ વીજળી ગુલ થઈ ગયેલ અને લોકોને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. આ વરસાદને કારણે મુંજિયાસર ડેમની સપાટી ૧૯ ફૂટે પહોંચી હતી. મુંજીયાસર ડેમ સવાર સુધીમાં ૭૫% ભરાઈ ગયો હતો.

### હરસ અને મસાની બીમારીએ જીંદગી છીનવી

## હે રામ : વડિયાનાં 33 વર્ષિય યુવકે બીમારીથી કંટાળીને ગળાફાંસો ખાઈ લીધો

**સાડીનો ગાળીયો કરી પંખા સાથે લટકી ગયા**

અમરેલી, તા. ૨૪

વડિયામાં રહેતા ગોપાલભાઈ ગીરધરભાઈ મકવાણા નામનાં ૩૩ વર્ષિય યુવકને છેલ્લાં છ મહિનાથી હરસ-મસાની બીમારી હોય તેનો અસહ્ય દુઃખાવો થતો હોય અને તેની દવા અમરેલીનાં ડોકટર પાસે શરૂ હોય. પરંતુ દુઃખાવો સહન નહી થતા ગત તા. ૨૩ ના રોજ આશરે બપોરે ૧૨:૪૫ વાગ્યે પોતાના ઘરે સાડીનો ગાળીયો બનાવી પંખા સાથે બાંધી પોતાની મેળે ગળાફાંસો ખાઈ જઈ મરણ ગયાનું વડિયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### યુવક કોંગ્રેસનાં પ્રમુખની કલેકટર સમક્ષ રજુઆત

## બગસરામાં ભારે વરસાદથી થયેલ નુકસાનનું સર્વે કરી વળતર ચુકવવા માંગ

**નદી કાંઠાનાં વિસ્તારોમાં ભારે નુકસાન થયું**



અમરેલી, તા.૨૪

બગસરા વિસ્તારમાં ભારે વરસાદનાં કારણે સાંતળી અને ખારી નદીમાં ભારે પુર આવવાથી નદી કાંઠાના ગામો તેમજ નદીકાંઠાની જમીનોમાં પાણી

અનુસંધાન પાના ૬ ઉપર


હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
ડો. હિરલ હાલાણી શેઠ
MD, DM (Gold Medalist), DrNB Neurology
વધુ માહીતી માટે સંપર્ક કરો
+91 95121 40042
(02792) 233999

મગજ તથા જ્ઞાનતંતુઓ ના રોગોના નિષ્ણાંત
રાજકોટના સર્વ પ્રથમ નસ તથા સ્નાયુના રોગોના નિષ્ણાંત
હવે આપના અમરેલી શહેરમાં મળશે
મહિનાના ચોથા શુક્રવારે
તા: ૨૬/૦૭/૨૪
સવારે 10:00 થી 12:00
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી
(૯૯૭૮૯૬૬૨૯)
NCT

# વર્ગ–૪નાં કર્મચારીથી લઈને એમએલએ સુધી કોઈ કાંઈ બોલતું નથી

# આદિવાસી અને દલિતોનાં મોં માંથી કોળિયો છીનવી જવાનું કૌભાંડ ?

### સમગ્ર દેશમાં પૂજા ખેડકરની ઘટના ચકચારી બની હોય આવા સેંકડો બનાવો બની ચુકયા છે

અમરેલી, તા. ૨૪

દેશઆખામાંપૂજાખેડકરની ચર્ચા છે. પૂજાની સામે દિલ્હી પોલીસે BNS (IPS) અને IT એક્ટ હેઠળ એફઆઈઆર નોંધી છે. પૂજાએ ૨૦૨૨માં યુપીએસસી એકઝામ પાસ કરીહતીઅનેતેનોક્રમાંક ૮૪૧મોહતો. અપંગતાના સર્ટિફિકેટ તથા ઓબીસી નોન ક્રિમિ લેયર સર્ટિફિકેટના કારણે તે આઈએએસ બની હતી. વરસની ૮ લાખથી ઓછી આવક હોય તેને નોન–ક્રિમી લેયર સર્ટિફિકેટ મળે છે.

### રાજય અને કેન્દ્ર સરકાર તટસ્થ તપાસ કરે તો મહાકાય કૌભાંડ પ્રકાશમાં આવી શકે તેમ છે

જો કે પૂજાના પિતા દિલીપ ખેડકર પણ નિવૃત આઈએએસ હતા ! અને ૪૦ કરોડની સંપત્તિના માલિક હતા ! પૂજાએ 'માનસિક અપંગતા'નું સર્ટિફિકેટ મેળવેલ હતું કે 'મને યાદ રહેતું નથી ! નજર નબળી છે ! દ્રષ્ટિ જઈ રહી છે !' મસૂરીની લાલબહાદુર શાસ્ત્રી એકેડેમીમાં તાલીમ બાદ તેની નિમણૂંક

### રાજયભરમાં તલાટી, શિક્ષક, પોલીસકર્મી, મામલતદાર સહિતનાં અનેક અધિકારીઓ શંકાનાં દાયરામાં

મહારાષ્ટ્રના પૂનામાં આસિસ્ટંટ કલેકટર તરીકે થઈ. તે કલેકટર ઓફિસ પહોંચી. કલેકટર હાજર ન હતા. પૂજાએ કલેકટરની ચેમ્બરનો કબ્જો લઈ લીધો ! કલેકટરે સરકારમાં ફરિયાદ કરી તો પૂજાની બદલી પૂનાથી વાશિમ થઈ ગઈ !

દિલીપ ખેડકરે લોકસભાની ચૂંટણી–૨૦૨૪માં ઝંપલાવેલ, તેમાં સંપત્તિ જાહેર કરેલ, તે હવે પૂજાના ગળે ગાળિયો બની છે ! સરકારી નોકરીમાં જોડાતા પહેલા મેડિકલ સકાસણી થાય છે. યુપીએસસીએ પૂજાના મેડિકલ ચેકઅપ માટે ૬ વખત તેને નોટિસ આપી પણ પૂજા સરકારી હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપ માટે હાજર ન રહી. તેણે ખાનગી

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી અને દલિતોનાં હિતમાં તપાસ કરાવવી જરૂરી છે

હોસ્પિટલમાંથી ચેકઅપ કરાવી યુપીએસસીને સર્ટિફિકેટ સોંપ્યું જે યુપીએસસીએ માન્ય ન રાખ્યું! સવાલ એ છે કે મેડિકલ ચકાસણી વિના નિમણૂંક ન મળે, તો પછી વડાપ્રધાનની દેખરેખ હેઠળના DoPT તરફથી પૂજાની નિમણૂંક પૂનાના આસિસ્ટંટ કલેકટર તરીકે કઈ રીતે થઈ?

ગુજરાતમાં પૂજા ખેડકરોનો રાફડો ફાટયો છે! મોટા પ્રમાણમાં નકલી આદિવાસીઓ તલાટી/શિક્ષક/પોલીસ/મામલતદાર/ વર્ગ–૧ની સરકારી નોકરીમાં છે. આશ્ચર્યની બાબત એ છે કે સત્તાપક્ષના દલિત/ આદિવાસી એમએલએ/એમપીપણ નકલી દલિત/ નકલી આદિવાસીઓ મામલે ચૂપ રહે છે!

### રાજયનાં મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને રજૂઆત

## બાબરા પંથકમાં આયુષ્યમાન કાર્ડમાં સુધારો કરવા ચેમ્બર ઓફ કોમર્સની માંગ

બાબરા, તા. ૨૪

બાબરા તાલુકામાં પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડમાં ના મોટાભાગના લોકોએ વિવિધ સારવાર મેળવી રહ્યા છે અને આ યોજના થકી મળતી વિવિધ સારવાર માટે લાભાર્થીઓ સંતોષ પણ વ્યકત કરી રહ્યા છે. પણ પાછલા ઘણા સમયથી આયુષ્યમાન કાર્ડમાં અમુક સુધારણા કારણે કાર્ડના લાભાર્થીઓને મળતી સારવાર અને લાભમાં ભારે મુશ્કેલી અને અડચણો ઉભી થઈ રહી છે. જેના કારણે દર્દીઓને ભારે હાલાકી ભોગવવાનો વારો આવી રહ્યો છે.



બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુનાભાઈ મલકાણા દ્વારા રાજયના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને પત્ર લખી જણાવ્યું હતું બાબરા શહેર તેમજ તાલુકાના આયુષ્યમાન કાર્ડના લાભાર્થીઓ કાર્ડમાં જે સુધારા છે તે ત્વરિત સુધારા કરવામાં આવે તો લાભાર્થીને પૂરતી સારવાર મળી રહે છે સુધારા વગર દર્દીઓએ ઘરનો ખર્ચ ભોગવવાનો વારો આવે અથવા તો લાભાર્થીઓ સારવાર લેવા અચકાય છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું. જે આયુષ્યમાન કાર્ડમાં મામલતદાર કચેરી રેશનકાર્ડમાં સુધારો થઈ જાય છે. પણ આયુષ્યમાન કાર્ડના સોફટવેરમાં સુધારો થતો નથી સિસ્ટમ સ્વીકાર કરતી નથી તો સિસ્ટમ અપડેટ કરવામાં આવે તો સુધારો ઝડપથી થાય અને કાર્ડમાં લાભાર્થીઓને લાભ મળતો થાય તેવું અંતમાં જણાવ્યું હતું.

### જિલ્લામાં તેજીથી આગળ વધી રહી છે પ્રાકૃતિક ખેતીની મુહિમ

## અમરેલી જિલ્લામાં ૧.૬૩ લાખ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી

### જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ તાલીમ માટે ૫-૫ ગામોનાં આયોજનબધ્ધ કલસ્ટર



અમરેલી, તા. ૨૪

અમરેલી જિલ્લામાં જૂન–૨૦૨૪ સુધીમાં ૧.૬૩ લાખથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી છે. ચાલુ વર્ષે જ આત્મા પ્રોજેકટ હેઠળ જિલ્લામાં ૯૨૨ જેટલી પ્રાકૃતિક ખેતી માટેની તાલીમ યોજાઈ છે. જેમાં ૨૦ હજારથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે પ્રેરિત કરવામાં આવ્યા છે.

આ સંદર્ભે અમરેલી આત્મા પ્રોજેકટના ડાયરેકટર ડી.એમ નિનામા જણાવે છે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની અસરકારક રીતે તાલીમ આપી શકાય તે માટે જિલ્લામાં ૧૨૪ કલસ્ટર બનાવવામાં આવ્યા છે. અને આ દરેક કલસ્ટર વાર એક એટલે કે, ૧૨૪ ફાર્મર માસ્ટર ટ્રેનર નિમવામાં આવ્યા છે. ઉપરાંત ૧૦૩ ટેકનિકલ માસ્ટર ટ્રેનર દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી રહી છે. એક કલસ્ટરમાં ૫–૫ ગ્રામ પંચાયતને આવરી લેવામાં આવી છે.

ખેડુતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા ગામડે જઈ, વર્ષોથી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત એટલે કે,ફાર્મર માસ્ટર ટ્રેનર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિથી પોતાને થયેલા લાભો અને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે જાણકારી આપી પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહન પૂરુ પાડી રહ્યા છે. આ સાથે ખેતીવાડી વિભાગ–શાખા સાથે જોડાયેલા ગ્રામ સેવક, બાગાયત મદદનીશ, ખેતી મદદનીશ પણ પ્રાકૃતિક કૃષિ ટેકનિકલ જ્ઞાન ખેડુતોને સુધી પહોંચાડી રહ્યા છે.

જિલ્લામાં યોજાતી પ્રાકૃતિક કૃષિની તાલીમની જરૂરી ડેમોસ્ટ્રેશન કરવાની સાથે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આપાર સ્તંભ એવા જીવામૃત, ધન જીવામૃત, આચ્છાદન, વાપ્સા અને સહજીવન એટલે કે મિશ્ર પાક પદ્ધતિ વિશે ખેડૂતોને વિગતવાર જાણકારી આપવામાં આવે છે.

જિલ્લામાં જુદા જુદા તાલુકામાં પ્રાકૃતિક કૃષિની આયોજનબદ્ધ રીતે તાલીમ આપવામાં આવી રહી છે.જેના પરિણામે જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની મુહિમ તેજીથી આગળ વધી રહી છે.

આત્મા પ્રોજેકટના ડેપ્યુટી ડાયરેકટર દિલીપ ચાવડા અને ટીમ આત્મા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના અભિયાનને આગળ વધારવા માટે સતત જહેમત ઉઠાવી રહ્યા છે.

### માર્ગ–મકાન વિભાગને ખબર નથી કયાં શું હાલત છે

## લ્યો બોલો : બાબરામાં અમરેલી માર્ગ ઉપરનું દિશાસૂચક બોર્ડ ઘણા દિવસોથી જમીનદોસ્ત

### જિલ્લાભરમાં દિશાસૂચક બોર્ડની સમીક્ષા કરવી જરૂરી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૪

બાબરા અમરેલી હાઈવે પર શહેરના સરદાર સર્કલ પાસે ગામના નામ દર્શાવતું દિશા સૂચક બોર્ડ છેલ્લા કેટલાક દિવસોથી પડી ગયેલ હાલતમાં જોવા મળી રહ્યું છે . બાબરા શહેર સરદાર સર્કલ પાસે આ દિશા બતાવતું બોર્ડ લગાવવામાં આવ્યું છે . આ બોર્ડ માં રાજકોટ, આટકોટ, વાસાવડ, ગોંડલ જેવા ગામના નામ તેમજ એરા મારવામાં આવ્યા છે. જેથી અહી થી પસાર થતા વાહન ચાલકો ને આસાનીથી રસ્તાઓ ની દિશા સમજી શકાય. પણ છલ્લા ઘણા દિવસોથી આ બોર્ડ પડેલી હાલતમાં હોય એના હિસાબે વાહન ચાલકોને નાં છૂટકે કોઈને પૂછીને બાદમાં જવું પડે છે.

ચોમશાની સિજનની શરૂઆત માં ભારે પવન સાથે વરસાદ આવ્યો ત્યારે ભારે પવનની આંટીમાં આ બોર્ડ આવી જતા આખું બોર્ડ ને મવડી નાખી ઊંધું વાળી દીધું હતું. પણ આજ દિન સુધી તંત્રને આ પડી ગયેલ બોર્ડ હજુ સુધી દેખાયું નથી . અહી થી પસાર થતાં હજારો વાહન ચાલકો નાં ધ્યાન પર આ પડી ગયેલ બોર્ડ ધ્યાને આવે છે તો તંત્ર નાં ધ્યાને કેમ નથી આવતું.

## વાંકીયા ગામ ખાતે ડેંગ્યુ માસની ઉજવણી કરવામાં આવી

વાંકીયા, તા. ૨૪

પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર વાંકીયા દ્વારા વાંકીયા ગામ ખાતે ડેંગ્યુ માસની ઉજવણી સબબ ગ્રામ જનોને મેલેરીયા, ડેંગ્યુથી બચવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતુ. વાંકીયા ગામમાં ઘરે ઘરે જઈ ટાંકા ટાંકી ચેક કરેલ હતા. ૧૦૦થી વધુ ઘરોમાં **ગપ્પી** (પોરા ભસક) માછોલીઓ મુકવામાં આવેલ હતી. જાહેર ટાંકામાં **ગપ્પી** ફીશ મૂકવામાં આવેલ હતી. ૮ દિવસથી વધુ ભરાતા ખાડા ખાબોચીયામાં પોરાનાશક દવા, છંટકાવ, બળેલ ઓઈલ નાખવામાં આવેલ હતુ. લોકોને પોતાના ઘરોની આસપાસ ભરાતા પાણીનો નિકાલ કરવા સમજણ આપવામાં આવેલ હતી. જરૂરી તમામ આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતુ. સ્કૂલો ખાતે પણ વિદ્યાર્થીઓને મેલેરીયા, ડેંગ્યુથી બચવા આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતુ. ગ્રામજનો, ગ્રામપંચાયત, વિકાસ મંડળ ટીમ વાંકીયાનો ખૂબ જ સહકાર મળેલ હતો. ઉપરોકત કામગીરીને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારી આકાશ ડો. અગ્રાવત, પી.જે.બોરીયા, આશાબેન, નીતાબેન ભટ્ટી, મનીષાબેન પરમાર, કાજલબેન સિધ્ધપુરા, જયશ્રીબેન પરમાર દ્વારા જહેમત ઉઠાવેલ હતી. ઉપરોકત સંપૂર્ણ કામગીરી મેડીકલ ઓફીસર ડો. કીરણબેન શેલડીયા, સુ.વ.જી. ડો. ભગતના માર્ગદર્શન હેઠળ થયેલ છે.

### વિકાસની ગુલબાંગો વચ્ચેની વાસ્તવિકતા

## દામનગરમાં જૂના પોલીસ સ્ટેશન પાછળનાં બંધ સરકારી કવાર્ટર એટલે મોતને આમંત્રણ

### જવાબદાર વિભાગ કાટમાળ હટાવે તે જરૂરી

દામનગર, તા. ૨૪

અમરેલી જિલ્લામાં વિકાસની વાતો કરવાવાળા ભા.જ.પ.ના લોકોને કાર્યક્રમોમાં ફોટા પડાવી પ્રસિદ્ધિમાં વધુ રસ હોય એવું જોવા મળતું હોય છે. દામનગર શહેરમાં ૫૦ વર્ષથી વધુ સમય પહેલાં બનાવેલ સરકારી કવાર્ટર કેટલાય વર્ષોથી જર્જરિત હાલતમાં છે. આ વિશાળ જગ્યા રેઢું પડ હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે પહેલાં આ તમામ કવાર્ટરનો કાટમાળ તંત્ર ઉતારી લ્યે અને પોલીસ તંત્ર દ્વારા દિવસ અને રાત્રી દરમ્યાન પેટ્રોલિંગ કરે તે ખાસ જરૂરી છે.



# બાબાપુર નજીકથી પસાર થતી સાતલડી નદીમાં ઘોડાપુર



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

બગસરા પંથકમાં ભારે વરસાદ થતા બાબાપુર નજીકથી પસાર થતી સાતલડી નદીમાં ઘોડાપૂર આવતા ગામજનો પાણીનું પૂર નિહાળવા ટોળેવળ્યાં હતા. તો પુલ પરથી વાહનવ્યવહાર બંધ થતા બાબાપુર વાસીઓને વાંકીયા, તરવડા થઈને અમરેલીની અવરજવર કરવી પડી હતી.

## સામાન્ય વરસાદમાં કાદવકીચડથી દર્દીઓ અને મુસાફરો પરેશાન

# અમરેલીમાં સિવિલ હોસ્પિટલ અને એસ.ટી. ડેપોમાં ભયાનક ગંદકી

એકવીસમી સદીનાં યુગમાં આધુનિક સાધનો હોવા છતાં પણ કાદવ કીચડની સમસ્યા દૂર થતી નથી

એસ.ટી. ડેપોમાં છેલ્લા પાંચ વર્ષથી સમસ્યા છતાં નવા બસપોર્ટનો પ્રારંભ થતો નથી

પદાધિકારીઓ અને અધિકારીઓને જનતાને સુવિધા મળે તે માટે કોઇ રસ હોય તેવું લાગતું નથી

સિવિલ અને એસ.ટી.નાં સંચાલકોએ માનવતા ખાતર સફાઇ કરાવવી જરૂરી




અમરેલી, તા. ૨૪

અમરેલીનાં હંગામી બસ સ્ટેન્ડ અને સિવિલ હોસ્પિટલમાં સામાન્ય વરસાદથી કાદવ કીચડનો માહોલ ઉભો થતાં દર્દીઓ અને મુસાફરો ત્રાહીમામ પોકારી ચુકયા છે અને આ પ્રકારની સમસ્યા છેલ્લા પાંચ વર્ષથી હોવા છતાં પણ સિવિલ અને એસ.ટી.નાં સંચાલકો સફાઈની કામગીરી કરી શકતા નથી.

અમરેલીની શાંતાબા મેડિકલ અને જનરલ હોસ્પિટલનાં પટાંગણ અને પ્રવેશદ્વાર પર વરસાદી પાણીનો સતત ભરાવો રહેતાં દર્દીઓ તંદુરસ્ત થવાને બદલે વધારે બીમાર પડે તેવી શકયતાઓ જોવા મળી રહી છે.

બીજી તરફ અમરેલીમાં એરપોર્ટ જેવું બસ પોર્ટ બનાવવાનું હોવાથી છેલ્લા પાંચેક વર્ષથી નર્કાગાર જેવું હંગામી બસ સ્ટેન્ડ ઉભી કરવામાં આવેલ છે. જયાં દરરોજ હજારો મુસાફરોની અવરજવર હોવા છતાં પણ એસ.ટી.નાં સંચાલકોને મુસાફરોને સ્વચ્છતા સહિતની સુવિધા આપવી નથી.

જનતાનાં પ્રતિનિધિ ગણાતા પદાધિકારીઓને પણ જનતાની ચિંતા હોય તેવું લાગતું નથી જેને લીધે અધિકારીઓનો કાન આમળવાવાળુ કોઈ વ્યકિત નથી. જેને લીધે જનતા ભારે પરેશાનીનો સામનો કરી રહી હોય કોઈ જનપ્રતિનિધિનો આત્મા જાગે અને તે શહેરમાં ફેલાયેલ કાદવ કીચડ સહિતની સમસ્યાનું નિરાકરણ કરે તેવી પ્રાર્થના કરવી રહી.

### મંડળીના પ્રમુખ હરજીભાઈ નારોલાએ હિસાબ રજુ કર્યો

## દામનગર સેવા સહકારી મંડળી લી.ની ૭૩મી વાર્ષિક સાધારણ સભા મળી

### ૩૫ લાખનો ચોખ્ખો નફો - ૧૦ % ડીવીડન્ડ જાહેર



દામનગર, તા. ૨૪

દામનગર સેવા સહકારી મંડળી લી.ની. ૭૩મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. વાર્ષિક હિસાબો રજુ કરતાં મંડળીના પ્રમુખ હરજીભાઈ નારોલા જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન મંડળીએ ૩૫ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. સભાસદોને ૧૦% ડીવીડન્ડ જાહેર કરવામાં આવેલ છે. ૬૩૭ સભાસદ ધરાવતી મંડળીનું ટર્નઓવર ૨૫ કરોડ ઉપરાંત થવા જાય છે. ધીરાણ ૧૦,૨૫ કરોડ છે. મંડળીનો ઓડીટ વર્ગ ''અ'' મળેલ છે. એન.પી.એ. ૦ શુન્ય છે.

વાર્ષિક સાધારણ સભામાં આ તકે અમરેલી જીલ્લા બેંક હેડ ઓફીસના સીનીયર અધિકારી પરેશભાઈ કિકાણી, દામનગર શાખા મેનેજર ભરતભાઈ પાડા, સુપરવાઈઝરો અમિતભાઈ નવાપરા તથા સંદીપભાઈ માંગરોળીયાએ કે.સી.સી તથા મ.મુ લોત અને બેંકની વિવિધ યોજનાઓ અંગે જાણકારી આપી હતી.

મંડળીની વ્ય. કમિટીની પાંચ વર્ષની મુદત માટે ચુટણીમાં સર્વ હરજીભાઈ નારોલા, રણછોડભાઈ બોખા, લાલજીભાઈ નારોલા, અરજણભાઈ નારોલા, ભીમજીભાઈ વાવડીયા, મનસુખભાઈ બોખા, ભીમજીભાઈ નારોલા, લાભુભાઈ નારોલા, પ્રિતેશભાઈ નારોલા, કરમશીભાઈ કાંસોદરીયા, વલ્લભભાઈ નારોલા, લાલજીભાઈ આસોદરિયા, મોહનભાઈ બુધેલીયા, બિનહરીફ ચુંટાયા છે. હરજીભાઈ નારોલાની સતત ૩૦ મી વખત પ્રમુખ તરીકે વરણી થઇ છે.

આજની વાર્ષિક સાધારણ સભામાં મંડળીઓના પ્રમુખ મોહનભાઈ ઈસામલીયા ઠાંસા, જાદવભાઈ સોજીત્રા પાડરશીંગા, રામદેવભાઈ પરમાર નારણગઢ, સુરેશભાઈ દેવાણી હાવતડ, શામજીભાઈ બારડ છભાડીયા, હસમુખભાઈ કળથીયા હજીરાધાર, રમેશભાઈ કળથીયા ધ્રુફણીયા, ઘનશ્યામભાઈ રાઠોડ કાંચરડી, હાજર રહ્યા હતા ઉપરાંત વિશાળ સંખ્યામાં મંડળીઓના સભાસદો હાજર હતા આભારવિધી મંડળીના મંત્રી અનિલભાઈ જાગાણીએ કરી હતી.

## વાંકીયા હાઈસ્કૂલ ખાતે આરોગ્ય તપાસ કરાઈ

વાંકીયા, તા. ૨૪

વાંકીયા હાઈસ્કૂલ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રોપર સ્ટાફ દ્વારા આર.કે.એસ.કે. પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓના વજન, ઉંચાઈ, બીએમઆઈ હીમોગ્લોબીનની તપાસ કરવામાં આવેલ હતી. વિદ્યાર્થીઓને મેલેરિયા, ડેંગ્યુને અટકાવવા તેના વિશે આરોગ્ય શિક્ષણ આપવામાં આવેલ હતુ. પ્રાથમિક શાળા ખાતે આર.કે.એસ.કે. અંતર્ગત વિદ્યાર્થીઓને શું ન ખાવુ શું આવુ તેના વિશે સમજણ આપવામાં આવી હતી. આ તકે વાંકીયા મેડીકલ ઓફિસર ડો. કીરણબેન શેલડીયા, જીનલબેન પ્રજાપતી, સ્થાનીક આરોગ્ય કર્મચારી આકાશ ડો.અગ્રવાત, પરીતાબેન જે. બૌરીયા, વિનોદભાઈ બારૈયા દ્વારા ઉપરોકત તપાસણી કરવામાં આવેલ હતી. જરૂરી દવાઓ પણ આપવામાં આવી હતી. આ તકે આચાર્ય સી.પી. ગોંડલીયા, ઉમેશભાઈભંડેરી, પ્રાથમિક શાળા આચાર્ય રીનાબેન ઉકાણીનો સહકાર મળેલ હતો.

### ગામજનોની ચીફ ઓફિસરને રજુઆત

## સાવરકુંડલાનાં હાથસણી માર્ગ ઉપરનું ગેરકાયદેસર દબાણ દુર કરવા માંગ

### એકને ગોળને એકને ખોળની નીતિ ન ચાલે

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરમાં તા. ૨૧/૬/૨૦૨૪ના રોજ દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવેલ હતી, જેમાં સાવરકુંડલાના હાથસણી રોડ ઉપર પણ ઘણા દબાણ હટાવાયા હતા, જેમાં અમુક દબાણો જે કોઈને પણ અડચણરૂપ ન હોવા છતાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત સાવરકુંડલાના અધિકારીના કારણે હટાવાયા હતા, જેમાં ખાનગી મિલકત ધારકદ્વારા પોતાનાં રહેઠાણ આગળ પેવિંગ બ્લોક લગાવેલ હતા તે પણ કાઢી નાખેલ હતા, પરંતુ હાથસણી રોડ, સરકારી કવાર્ટસ સામે આવેલ એક નિવૃત શિક્ષક દ્વારા બનાવેલ ૪ દુકાનો હટાવાય નહોતી, ભૂતકાળમાં ગત વર્ષે ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ દબાણ હટાવ ઝુંબેશમાં સરકારી કવાર્ટસ પાસે આવેલ કેબલની ઓફિસ અને પાનની દુકાન તંત્ર દ્વારા તોડી પડાઈ હતી, ત્યારે પણ આ વિનૃત શિક્ષકની ૪ દુકાનો પાડવામાં આવી નહોતી, કારણ કે લોક મુખે એવુ ચર્ચાઈ રહયું છે. કે જયારે આ દુકાન પાડવાની વાત આવે છે. ત્યારે તંત્રના અધિકારીઓને કોઈની ભલામણ નો ફોન આવે છે. આ વખતની તા. ૨૧/૬/૨૦૨૪ ની દબાણ હાટાવ કામગીરીમાં તો આ ૪ દુકાનો તેના માલિક દ્વારા તોડી પાડી અને દબાણ દુર કરવામાં આવશે તેવું લેખિતમાં લેવામાં આવેલ હોવાનું ચર્ચાય છે. તો એકને ખોળ અને એકને ગોળની નીતિ બંધ કરી કાયદો દરેક માટે સમાન છે. તેવું સુત્ર સાર્થક કરવા નિવૃત શિક્ષકની ચાર દુકાનોનું દબાણ દુર કરવા માંગ ઉભી થઈ છે.







ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦












### કેન્દ્ર સરકારે અગ્નિવીરોના સંબંધમાં લીધો મોટો નિર્ણય

# અગ્નિવીરોને નિવૃત્તિ બાદ BSF, CISF અને RPFની નોકરીઓમાં મળશે ૧૦ ટકા અનામત

### ગૃહ મંત્રાલયે માહિતી આપી છે કે BSF, CISF અને RPFમાં વિવિધ પદો માટેની ભરતીમાં નિવૃત્ત અગ્નિવીરોને છૂટછાટ આપવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્ર સરકારે અગ્નિવીરોના સંબંધમાં એક મોટો નિર્ણય લેતાં બીએસએફ અને સીઆઈએસએફમાં ૧૦ ટકા અનામત આપવાનું એલાન કર્યું છે. ગૃહ મંત્રાલયે બુધવારે આ મોટો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે માહિતી આપી છે કે ભૂતપૂર્વ અગ્નિવીરોને BSF, CISF અને RPFની નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપવામાં આવશે.

બીએસએફના પ્રવક્તાએ કહ્યું કે અગ્નિવીર ૪ વર્ષની મહેનત બાદ તૈયાર થાય છે અને આવા સૈનિકોને સેનામાં લેવા ખૂબ સારા છે. અગ્નિવીર યોજનાનો લાભ તમામ દળોને મળશે.

થોડી તાલીમ પછી જ તેમને મોરચા પર તૈનાત કરી શકાય છે. BSFએ કહ્યું કે અમે અગ્નિવીર માટે ૧૦ ટકા આરક્ષણ આપીશું અને તેમને વય મર્યાદામાં પણ છૂટ આપવામાં આવશે. તેમણે કહ્યું કે અમે ફાયર વોરિયર્સની રાહ જોઈ રહ્યા છીએ. અગ્નિવીરોની પ્રથમ બેચને ૫ વર્ષની વયમાં છૂટછાટ મળશે. ત્યારપછીની બેચને ૩ વર્ષની છૂટ આપવામાં આવશે.અગ્નિપથ યોજના જૂન ૨૦૨૨માં શરૂ કરવામાં આવી હતી. કોવિડ-૧૯ના કારણે સૈન્યમાં ભરતી બે વર્ષ માટે બંધ કરવામાં આવી હતી, ત્યારબાદ આ યોજના શરૂ થઈ હતી. આ અંતર્ગત યુવાનોને તાલીમ બાદ ચાર વર્ષ સુધી સેનામાં સામેલ કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન, તેમને દર મહિને ૩૦,૦૦૦ રૂપિયાનો પ્રારંભિક પગાર મળે છે, જે ચોથા વર્ષ સુધીમાં વધીને ૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિના થઈ જાય છે. ચાર વર્ષ પછી, અગ્નિવીરને 'સેના નિધિ પેકેજ' તરીકે ૧૨ લાખ રૂપિયા મળે છે. દળો તેમની જરૂરિયાત મુજબ ૨૫% અગ્નિવીરને પણ જાળવી શકે છે.સામાન્ય સૈનિક અને અગ્નિવીર વચ્ચે સૌથી મોટો તફાવત એ છે કે નિયમિત સૈનિકને પેન્શન મળે છે, પરંતુ અગ્નિવીરને ચાર વર્ષ પછી કોઈ પેન્શન મળતું નથી. સંરક્ષણ બજેટનો લગભગ એક ચતુર્થાંશ ભાગ પેન્શન પર ખર્ચવામાં આવે છે. અગ્નિપથ યોજના દ્વારા આવા ખર્ચમાં ઘટાડો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે CAPF અને આસામ રાઈફલ્સમાં ખાલી પડેલી જગ્યાઓ વિશે માહિતી પણ આપી હતી. તેમણે કહ્યું હતું કે 'CAPF અને આસામ રાઈફલ્સમાં પહેલી જુલાઈ, ૨૦૨૪ સુધી ખાલી જગ્યાઓની સંખ્યા ૮૪,૧૦૬ છે, બંનેમાં કુલ ૧૦,૪૫,૭૫૧ પોસ્ટની સંખ્યા મંજૂર કરાયેલી છે. એપ્રિલ, ૨૦૨૩થી ફેબ્રુઆરી, ૨૦૨૪ની વચ્ચે ૬૭,૩૪૫ અગ્નિવીરોની ભરતી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ અગ્નિવીરોને બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ (CISF) અને CRPFની ભરતીઓમાં ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા લેવામાં આવ્યો હતો. SSB એ ભરતીના નિયમોમાં ફેરફાર કરીને બળમાં નિમણૂક માટે ભૂતપૂર્વ ફાયર વેટરન્સને વય અને શારીરિક કાર્યક્ષમતા કસોટીમાં છૂટ આપવાનો નિર્ણય કર્યો છે. એસએસબીના ડાયરેક્ટર જનરલે કહ્યું કે આ નિર્ણય લાખો ભૂતપૂર્વ ફાયર વેટરન્સ અને દળોને પ્રશિક્ષિત માનવબળને આજીવિકા પ્રદાન કરશે.

### અમિત શાહ, એસ જયશંકર અને નડ્ડાના ભાગે શું આવ્યું

# રાજનાથ બાદ શિવરાજને મળ્યા સૌથી વધારે રૂપિયા

### બજેટમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયને ૨ લાખ ૬૫ હજાર ૮૦૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટ-૨૦૨૪ રજૂ કર્યું છે. આ બજેટ ૪૮ લાખ ૨૦ હજાર કરોડનું છે. આ બજેટમાં દરેક મંત્રાલય માટે અલગ ફંડની વ્યવસ્થા કરવામાં આવી છે. બજેટમાં સંરક્ષણ મંત્રાલય માટે મહત્તમ જોગવાઈ કરવામાં આવી છે. કેન્દ્રએ રાજનાથ સિંહના સંરક્ષણ મંત્રાલયને ૪ લાખ ૫૪ હજાર ૭૭૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

બજેટમાં ગ્રામીણ વિકાસ મંત્રાલયને ૨ લાખ ૬૫ હજાર ૮૦૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. શિવરાજ સિંહ ચૌહાણ હાલમાં દેશના ગ્રામીણ વિકાસ મંત્રી છે. જો કૃષિ ક્ષેત્રની વાત કરીએ તો ૧ લાખ ૫૧ હજાર ૧૫૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ મંત્રાલયની જવાબદારી પણ શિવરાજ સિંહ ચૌહાણના હાથમાં છે. તમને જણાવી દઈએ કે આ વખતે ભારતનું કુલ બજેટ ૪૮ લાખ ૨૦ હજાર ૫૧૨ કરોડ રૂપિયા છે.પીએમ મોદીએ કહ્યું છે કે આ બજેટ સમાજના દરેક વર્ગને શક્તિ આપશે. આ એક એવું બજેટ છે જે દેશના ગામડાઓ, ગરીબો અને ખેડૂતોને સમૃદ્ધિના માર્ગ પર લઈ જશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે આ બજેટનું મોટું ફોકસ દેશના ખેડૂતો છે. અનાજ સંગ્રહ માટે વિશ્વની સૌથી મોટી યોજના બાદ હવે અમે શાકભાજી ઉત્પાદન ક્લસ્ટર બનાવવા જઈ રહ્યા છીએ. જેનાથી નાના ખેડૂતોને શાકભાજી, ફળો અને અન્ય પેદાશો માટે નવા બજારો મળશે અને સારા ભાવ મળશે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે દેશમાંથી ગરીબી ખતમ કરવાની અને ગરીબોને સશક્તિકરણ કરવાની દિશામાં આજના બજેટમાં મોટી જાહેરાતો કરવામાં આવી છે. ગરીબો માટે ૩ કરોડ નવા મકાનો બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. PM એ કહ્યું કે આ બજેટ આદિવાસી ઉન્નત ગામ અભિયાન અને સંતૃપ્તિ અભિગમ દ્વારા ૫ કરોડ આદિવાસી પરિવારોને મૂળભૂત સુવિધાઓ સાથે જોડશે. આ ઉપરાંત ગ્રામ સડક યોજના હેઠળ ૨૫ હજાર નવા ગ્રામીણ વિસ્તારોને રસ્તાઓથી જોડવામાં આવશે. આજે જે બજેટ ફાળવાયું છે જેમાં રોડ અને ટ્રાન્સપોર્ટ બાદ બીજા સ્થાને આવે છે રક્ષા મંત્રાલય. આ મંત્રાલય રાજનાથ સિંહ સંભાળે છે. બજેટમાં સંરક્ષણ મંત્રાલય માટે ૪.૫૪ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ સિવાય અમિત શાહના ગૃહ મંત્રાલય માટે ૧,૫૦,૯૮૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

## કયા મંત્રાલયને બજેટમાં કેટલી ફાળવણી......?

- કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ સંભાળે છે એ કૃષિ મંત્રાલય માટે બજેટમાં ૧,૫૧,૮૫૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- જેપી નડ્ડાના સ્વાસ્થ્ય મંત્રાલય માટે ૮૯,૨૮૭ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે.
- ધર્મેન્દ્ર પ્રધાનના શિક્ષણ મંત્રાલય માટે ૧૨૫૬૩૮ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે.
- એસ. જયશંકરના વિદેશ મંત્રાલય માટે ૨૨૧૫૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે
- શહેરી વિકાસ માટે બજેટમાં ૮૨૫૭૭ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.
- ઉર્જા મંત્રાલય માટે ૬૮૭૬૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.
- આઈટી અને ટેલિકોમ્યુનિકેશન મંત્રાલય માટે ૧૧૬૩૪૨ કરોડ રૂપિયાની જોગવાઈ થઈ છે.
- ગ્રામીણ વિકાસ માટે ૨૬૫૮૦૮ કરોડ રૂપિયા ફાળવણી કરવામાં આવી.

### ભાજપ નેતાનો દ્વેષ છતો થયો

# બજેટમાં બંગાળને કોઈ રાહત ન આપીને કેન્દ્ર સરકારે બરોબર જ કર્યું

### અગ્નિમિત્રા પોલે કહ્યું કે, કેન્દ્ર સરકારે રાજ્ય માટે કોઈ નાણાકીય પેકેજની જાહેરાત ન કરીને યોગ્ય કાર્ય કર્યું છે

નવી દિલ્હી, તા.૨૪

પશ્ચિમ બંગાળની તાજેતરની પેટાચૂંટણીમાં ચારેય બેઠકો પર કારમી હાર બાદ બંગાળ ભાજપના નેતાઓ મમતા સરકાર સામે આકરા પાણીએ હતા. ભાજપના નેતા સુવેન્દુ અધિકારીએ તે સમયે નિવેદન આપ્યું હતું કે, ભાજપ અત્યાર સુધી કહેતું હતુ કે 'સબ કા સાથ, સબ કા વિકાસ' પરંતુ હવે આપણે એવું નહીં કહીએ. હવે આપણે કહીશું કે 'જો હમારે સાથ, હમ ઉન કે સાથ' હવે સબ કા વિકાસ કહેવાનું બંધ કરો. આ નિવેદન સાથે બંગાળમાં ભાજપના નેતાઓના મનની રાજકીય દ્વેષ ભાવના છતી થઈ હતી અને હવે વધુ એક બીજેપીના નેતાના નિવેદને આ કથિત લોક ચર્ચાને સમર્થન આપ્યું છે.

કેન્દ્રીય બજેટમાં એનડીએના સાથી પક્ષો જેડીયુ અને ટીડીપીને પરોક્ષ આર્થિક પેકેજની જાહેરાત કરતા વિરોધ પક્ષે સરકાર સામે મોરચો માંડ્યો છે. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ પશ્ચિમ બંગાળ સાથે ભેદભાવ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે.

મમતા બેનર્જીના નિવેદન પર પ્રતિક્રિયા આપતા ભાજપના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય અગ્નિમિત્રા પોલે કહ્યું કે, કેન્દ્ર સરકારે રાજ્ય માટે કોઈ નાણાકીય પેકેજની જાહેરાત ન કરીને યોગ્ય કાર્ય કર્યું છે. પોલે કહ્યું, "કેન્દ્ર બંગાળને આર્થિક પેકેજ શા માટે આપે? ટીએમસી નેતાઓને નાણાં પચાવી પાડવામાં મદદ કરવા માટે? ટીએમસી સરકાર કેન્દ્રીય ભંડોળનો ઉપયોગ કરી રહી છે પરંતુ ઉપયોગનું કોઈ પ્રમાણપત્ર નથી આપી રહી. શું આ બંધારણીય છે? ટીએમસી સરકાર ભ્રષ્ટાચારમાં ગળાડૂબ થઈ ગઈ છે."

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા લોકસભામાં ગઈકાલે રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટનો પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ વિરોધ કર્યો હતો. મમતા બેનર્જીએ કહ્યું હતુ કે, બંગાળને સંપૂર્ણપણે વંચિત રાખવામાં આવ્યું છે અને કેન્દ્રીય બજેટમાં ગરીબ લોકોના હિતોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. તેમણે કેન્દ્રીય બજેટને રાજકીય રીતે પક્ષપાતી અને જનવિરોધી ગણાવ્યું હતું.

તૃણમૂલના વરિષ્ઠ નેતા કલ્યાણ બેનર્જીએ બજેટને "ખુરશી બચાવો બજેટ" ગણાવતા આક્ષેપ કર્યો હતો કે, "આ બજેટનો હેતુ (વડાપ્રધાન) નરેન્દ્ર મોદીની ખુરશી બચાવવાનો છે." કલ્યાણ બેનર્જીએ સંસદની બહાર પત્રકારોને જણાવ્યું હતું કે, આ ભારતનું નહીં પણ એનડીએનું બજેટ છે. હવે ભાજપ ઓડિશામાં વિધાનસભા ચૂંટણી જીતી ગઈ છે તેથી આ રાજ્ય માટે પણ કંઈ નથી. બંગાળ માટે પણ કંઈ નથી. અભિષેક બેનર્જીએ પણ બજેટ મુદ્દે સરકાર પર ચાબખાં મારતા કહ્યું હતુ કે, શું બંગાળમાંથી ભાજપના ૧૨ સાંસદોને ચૂંટાઈને મોકલવાનું કોઈ સકારાત્મક પરિણામ આવ્યું? ના. નેટ રીઝલ્ટ ઝીરો છે. બંગાળ સતત જુલમ સહી રહ્યું છે અને વંચિત થઈ રહ્યું છે.

### નીતિશ કુમારની સરકાર એક મોટું પગલું ભર્યું

# બિહારમાં પેપર લીક અને હેરાફેરી વિરુદ્ધ બિલ પસાર

### પેપર લીક કરતાં પકડાયા તો ૧૦ વર્ષની જેલ અને ૧ કરોડ દંડ, NDA શાસિત આ રાજ્યમાં કાયદો પસાર

પટણા, તા.૨૪

બિહારમાં ચાલી રહેલા વિધાનસભા સત્રમાં નીતિશ કુમારની સરકાર એક મોટું પગલું ભર્યું છે. જેમાં બિહાર સરકાર રાજ્યમાં પેપર લીક અને હેરાફેરી વિરુદ્ધ બિલ પસાર કરી દેવામાં આવ્યું છે.

આ બિલ આજે જ વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં પેપર લીક કે હેરાફેરીમાં સંડોવાયેલા ગુનેગારો સામે કડક કાયદાકીય કાર્યવાહીની જોગવાઈ પણ કરવામાં આવી છે.

પેપર લીક અને હેરાફેરીને રોકવા માટે નીતિશ કુમારની સરકારે આજે વિધાનસભામાં બિહાર પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) બિલ ૨૦૨૪ રજૂ કર્યું હતું. આ બિલમાં એવી જોગવાઈ છે કે પેપર લીક કે તેનાથી સંબંધિત કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ લોકોને આ કાયદા હેઠળ દોષિત ગણવામાં આવશે. તેમજ ગુનેગારોને ૧૦ વર્ષ સુધીની જેલ અને ૧ કરોડ રૂપિયાનો દંડ થશે. આ કાયદા હેઠળના તમામ ગુનાઓ કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર હશે.અગાઉ, પેપર લીકને રોકવા માટે કેન્દ્ર સરકારે દેશમાં પેપર લીક વિરોધી કાયદો પણ લાગુ કર્યો છે. આ કાયદાને પબ્લિક એક્ઝામિનેશન એક્ટ, ૨૦૨૪ એટલે કે પબ્લિક એક્ઝામિનેશન (પ્રિવેન્શન ઓફ અનફેર મીન્સ) એક્ટ ૨૦૨૪ નામ આપવામાં આવ્યું છે. પેપર લીકના દોષિતોને ત્રણ વર્ષથી ૧૦ વર્ષની જેલ અને ૧૦ લાખથી એક કરોડ રૂપિયાના દંડની જોગવાઈ છે.યોગી સરકારે તાજેતરમાં ઉત્તર પ્રદેશ પબ્લિક એક્ઝામિનેશન ઓર્ડિનન્સ ૨૦૨૪ની રજૂઆતને મંજૂરી આપી હતી. આ અંતર્ગત જો પેપર લીકમાં દોષિત ઠરશે તો ૨ વર્ષથી આજીવન કેદની સજા અને ૧ કરોડ રૂપિયા સુધીનો દંડ થશે.

### કાશ્મીરમાં ભીષણ અથડામણ

# આતંકવાદીઓને ઘુસતા રોકવાના પ્રયાસમાં એક જવાન શહીદ

### સૈનિકોને કૃષ્ણાઘાટીના બટ્ટલ અગ્રિમ વિસ્તારમાં આતંકી જૂથની ગતિવિધિઓની જાણ થઈ, તેમને પાછળ હટવા પર મજબૂર કરી દીધા

નવી દિલ્હી, તા.૨૪

સૈનિકોને કૃષ્ણાઘાટીના બટ્ટલ અગ્રિમ વિસ્તારમાં આતંકી જૂથની ગતિવિધિઓની જાણ થઈ. તેમને પાછળ હટવા પર મજબૂર કરી દીધા. જમ્મુ કાશ્મીરના પૂંછ જિલ્લામાં મંગળવાર સવારે LOC નજીક આતંકવાદીઓની ઘુસણખોરીની કોશિશને સેનાએ નિષ્ફળ કરી દીધી હતી. જો કે, આ દરમ્યાન એક જવાન શહીદ થઈ ગયો હતો. ભારત માતાની રક્ષામાં તેણે પોતાના પ્રાણની આહુતિ આપી દીધી હતી. સેનાના એક અધિકારીએ આ જાણકારી આપી છે. વ્હાઈટ નાઈટ કોરે એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે, સતર્ક સૈનિકોએ સવારે ત્રણ વાગ્યે બટ્ટલ સેક્ટરમાં ઘુસણખોરી કરી રહેલા આતંકવાદીઓની ગોળીબારનો જડબાતોડ જવાબ આપીને ઘુસણખોરીની કોશિશને નિષ્ફળ કરી દીધી. ભારે ગોળીબાર દરમ્યાન એક વીર જવાન ઘાયલ થઈ ગયો, અભિયાન ચાલું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, સૈનિકોને કૃષ્ણાઘાટીના બટ્ટલ અગ્રિમ વિસ્તારમાં આતંકી જૂથની ગતિવિધિઓની જાણ થઈ. તેમને પાછળ હટવા પર મજબૂર કરી દીધા. સૂત્રોએ જણાવ્યું કે, લાંસ નાયક સુભાષ કુમાર ભીષણ અથડામણમાં ઘાયલ થઈ ગયા અને બાદમાં તેમનું મૃત્યુ થઈ ગયું. તેમણે કહ્યું કે, આતંકવાદીઓને પણ નુકસાન થયું છે.પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, સૈનિકનો પાર્થિવ શરીર પોસ્ટમોર્ટમ બાદ સેનાને સોંપી દીધો છે. અધિકારીઓએ જણાવ્યું કે, વિસ્તારમાં સર્ચ ઓપરેશન શરુ કરી દીધું છે. હાલના મહિનામાં જમ્મુમાં આતંકી ગતિવિધિઓ વધારી છે. જેનાથી વિસ્તારમાં આતંકવાદને ફરીથી ઉઠવાની આશંકા વધી ગઈ છે.

### મંત્રીએ કહ્યું- ઉદ્યોગનું દબાણ છે પરંતુ...

# આઈટી કર્મચારીઓ માટે દરરોજ ૧૪ કલાક કામ કરવાના બિલ પર કર્ણાટક સરકારની પીછેહઠ

### કર્ણાટકમાં સોફ્ટવેર પ્રોફેશનલ્સને દરરોજ ૧૪ કલાક કામ કરવા સંબંધિત બિલ પર ચર્ચાએ જોર પકડ્યું છે

કર્ણાટક, તા.૨૪

કર્ણાટકની કોંગ્રેસ સરકાર ફરી ચર્ચામાં છે. એક સપ્તાહમાં બીજી વખત સિદ્ધારમૈયા સરકાર પોતાના નિર્ણય પર પાછા ફરતી જોવા મળી રહી છે. રાજ્ય સરકારે આઈટી કર્મચારીઓ માટે દરરોજ ૧૪ કલાક કામ કરવાની જોગવાઈ કરતા બિલ પર યુ-ટર્ન લીધો છે. શ્રમ મંત્રી સંતોષ લાડે સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે ટેક સેક્ટરના લોકો વધુ કલાકો કામ કરે તે માટે આઈટી ઈન્ડસ્ટ્રી તરફથી કાયદો બનાવવાનું દબાણ છે, પરંતુ તેઓ આ બાબતનું મૂલ્યાંકન કરી રહ્યા છે. મંત્રી લાડે કહ્યું કે સરકાર હજુ પણ બિલની તપાસ કરી રહી છે, જે સોફ્ટવેર પ્રોફેશનલ્સને દરરોજ ૧૪ કલાક કામ કરવાની ફરજ પાડશે.જો કે ભાજપ આ બિલનો સતત વિરોધ કરી રહ્યું છે. ભાજપનું કહેવું છે કે આ મુદ્દે ચર્ચા કરવાની જરૂર છે. સરકાર આ મામલે એકપક્ષીય નિર્ણય લઈ શકે નહીં. આઈટી સેક્ટરના કર્મચારીઓ અને ટ્રેડ યુનિયનોએ પહેલાથી જ આ પગલાનો વિરોધ કર્યો છે અને તેને અમાનવીય ગણાવ્યું છે. વિરોધના કારણે સરકાર આ બિલ પર કોઈ નિષ્કર્ષ પર પહોંચી શકી નથી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ બીવાય વિજેન્દ્રએ કહ્યું કે અમારી મુખ્યમંત્રીને અપીલ છે કે બેંગલુરુ વૈશ્વિક આઈટી હબ છે. આ નિર્ણય દરેકને વિશ્વાસમાં લઈને લેવો જોઈએ.વાસ્તવમાં મંત્રી સંતોષ લાડે કહ્યું કે આ બિલ અમારી પાસે આઈટી ઈન્ડસ્ટ્રીના દબાણને કારણે આવ્યું છે. આઈટી મંત્રી પ્રિયંક ખડગે પોતે આ પ્રસ્તાવ લાવ્યા નથી. ૧૪ કલાક કામકાજના દિવસનું બિલ પાસ કરવા માટે ઉદ્યોગપતિઓ અમારા પર દબાણ કરી રહ્યા છે. જો કે, આ બિલ અમારી પાસે છે અને અમે (શ્રમ વિભાગ) તેનું મૂલ્યાંકન કરી રહ્યા છીએ. આઈટી વડાઓ અને મોટી કંપનીઓના માલિકોએ આ અંગે ચર્ચા કરવાની જરૂર છે. હાલમાં, જો આ સુધારો લાગુ કરવામાં આવે છે, તો તે રાજ્યની રાજધાની બેંગલુરુને અસર કરશે, જે દેશનુ આઈટી હબ છે.સંતોષ લાડે વધુમાં કહ્યું કે, હવે પ્રશ્ન એ છે કે હું ઈચ્છું છું કે તમામ ઔદ્યોગિક વડાઓ આ અંગે ચર્ચા કરે કારણ કે આ મુદ્દો પબ્લિક ડોમેનમાં છે. લોકો તેમના મંતવ્યો વ્યક્ત કરવા માટે સ્વતંત્ર છે. હું ઈચ્છું છું કે તમામ મુખ્ય હિતધારકો આ અંગે ચર્ચા કરે. મામલો જગજાહેર બન્યો હોવાથી આઈટી કર્મચારીઓમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. તેણે કહ્યું, હું ઈચ્છું છું કે લોકો તેમના મંતવ્યો શેર કરે. તેના આધારે, અમે એક વિભાગ તરીકે ચોક્કસપણે આ મુદ્દા પર ધ્યાન આપીશું. મંત્રીએ કહ્યું કે આઈટી કંપનીઓ, માલિકો અને ડિરેક્ટરોએ આગળ આવવું જોઈએ અને વર્ક-લાઈફ બેલેન્સના મુદ્દા પર ચર્ચા કરવી જોઈએ. શા માટે આઈટી વડાઓ આ વિશે વાત કરતા નથી? પ્રતિસાદ હકારાત્મક હોય કે નકારાત્મક, સરકાર વિચારશે કે શું કરવાની જરૂર છે.

### દિલ્હી એમ્સમાં કરાયા દાખલ

# લાલુ પ્રસાદ યાદવની તબિયત અચાનક બગડી

### ડોક્ટરોના જણાવ્યા અનુસાર લાલુ યાદવની હાલત હાલ સ્થિર હોવાનું કહેવાય છે, પરિવારના સભ્યો હોસ્પિટલમાં હાજર છે

નવી દિલ્હી, તા.૨૪

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવની તબિયત અચાનક બગડી ગઈ છે. રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ પ્રસાદ યાદવની તબિયત લથડતા તેમને દિલ્હીના ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)માં દાખલ કરવામાં આવ્યા છે. હાલ તે ડોક્ટરોની દેખરેખમાં છે. ડોક્ટરોના જણાવ્યા અનુસાર લાલુ યાદવની હાલત હાલ સ્થિર હોવાનું કહેવાય છે. પરિવારના સભ્યો હોસ્પિટલમાં હાજર છે. AIIMS હોસ્પિટલમાંથી લાલુ યાદવની કેટલીક તસવીરો સામે આવી છે. આ તસવીરોમાં લાલુ યાદવ તેમના શુભચિંતકોથી ઘેરાયેલા હોસ્પિટલના પલંગ પર સૂતેલા જોઈ શકાય છે. લાલુ પ્રસાદ સોમવારે દિલ્હી પહોંચ્યા હતા. હજુ એ સ્પષ્ટ નથી થયું કે, લાલુ યાદવને અચાનક એવું શું થયું કે, તેમને એમ્સમાં દાખલ કરવા પડ્યા. કેટલાક દાવો કરે છે કે તેઓ નિયમિત તપાસ માટે ગયા હતા જ્યારે અન્ય દાવો કરે છે કે તેઓ બીમાર છે. સોમવારે જ લાલુ યાદવે બિહારને વિશેષ દરજ્જો ન આપવા પર બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પર પ્રહારો કર્યા હતા. બિહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની JDUની લાંબા સમયથી ચાલી રહેલી માંગને મોદી સરકારે તાજેતરમાં ફગાવી દીધી હતી. આ પછી લાલુ પ્રસાદ યાદવે નીતિશ કુમારના નેતૃત્વ પર સવાલો ઉઠાવ્યા હતા. બિહારને વિશેષ દરજ્જો આપવાની JDUની માંગને મોદી સરકારે ફગાવી દીધા બાદ લાલુ પ્રસાદે સોમવારે કહ્યું કે, મુખ્યમંત્રી નીતિશ કુમારે રાજીનામું આપવું જોઈએ. JDU લાંબા સમયથી બિહારને વિશેષ દરજ્જાની માંગ કરી રહ્યું છે, પરંતુ કેન્દ્ર સરકારે સોમવારે સંસદમાં કહ્યું કે, બિહારને વિશેષ દરજ્જો આપવાનો કોઈ મામલો નથી. આ સંદર્ભમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદે નીતિશ કુમારની ટીકા કરતા કહ્યું કે, એવું લાગે છે કે નીતિશ કુમારે સત્તા ખાતર બિહારની આકાંક્ષાઓ અને તેમના લોકોની આસ્થા સાથે સમાધાન કર્યું છે. લાલુ પ્રસાદે કહ્યું કે, નીતીશે બિહારને વિશેષ દરજ્જો આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ હવે જ્યારે કેન્દ્રએ તેમ કરવાની ના પાડી દીધી છે તો તેમણે રાજીનામું આપી દેવું જોઈએ.

### હેમંત સોરેન પર આપવામાં આપ્યું વિવાદિત નિવેદન

# બોચી ઝાલીને મુખ્યમંત્રીને સત્તાથી હટાવીશું : ભાનુપ્રતાપ શાહી

### ભાજપ ધારાસભ્ય દ્વારા હેમંત સોરેન પર આપવામાં આવેલા નિવેદનથી ઝારખંડનું રાજકારણ ગરમાયું

રાંચી, તા.૨૪

રાંચીમાં ભાજપ કાર્યકર્તા સંમેલનમાં ભવનાથપુરથી ભાજપ ધારાસભ્ય ભાનુપ્રતાપ શાહી દ્વારા હેમંત સોરેન પર આપવામાં આવેલા વિવાદિત નિવેદનથી ઝારખંડનું રાજકારણ ગરમાયું છે. ભાનુપ્રતાપ શાહીના નિવેદનને ઝામુમો આદિવાસી અસ્મિતા સાથે જોડીને મુદ્દો બનાવવામાં લાગી ગયુ છે. આ દરમિયાન ગઢવાના રમના પોલીસ સ્ટેશનમાં ભાનુપ્રતાપ શાહી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ભાનુપ્રતાપ શાહી વિરુદ્ધ આ FIR ઝાઝુમો કાર્યકર્તા રાજેન્દ્ર ઉરાંવે નોંધાવી છે. પોલીસ એસટી-એસસી એક્ટ હેઠળ કેસ નોંધીને કાર્યવાહીમાં લાગી ગઈ છે. એફઆઈઆરમાં ઝામુમો કાર્યકર્તા રાજેન્દ્રએ આરોપ લગાવ્યો કે રાંચીમાં પાર્ટી કાર્યકર્તા સંમેલનમાં ધારાસભ્ય ભાનુપ્રતાપ શાહીએ આદિવાસી મુખ્યમંત્રી હેમંત સોરેન વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી છે. ઝાઝુમો કાર્યકર્તાએ આરોપ લગાવ્યો કે ભાનુપ્રતાપે હેમંત સોરેનને આદિવાસી હોવાના કારણે પોતાના સંબોધનમાં બોચી ઝાલીને સત્તા પરથી હટાવવાની વાત કરતાં પોતાના કાર્યકર્તાઓ પાસે પણ વારંવાર હા પડાવડાવી. ભાનુપ્રતાપ શાહીનું આ પ્રકારનું કૃત્ય આદિવાસી મુખ્યમંત્રીને અપમાનિત કરવાના હેતુથી કરવામાં આવ્યું છે, જેનું પ્રસારણ સોશિયલ મીડિયા સાથે પ્રાદેશિક અને રાષ્ટ્રીય મીડિયામાં પણ થયુ છે. એક આદિવાસી મુખ્યમંત્રીના સંદર્ભમાં કહેવામાં આવેલી વાતોથી આદિવાસી સમુદાયને દુઃખ અને રોષ છે. આ પ્રકારના નિવેદનથી આદિવાસી અને બિન આદિવાસી સમુદાયમાં વર્ગ સંઘર્ષનું જોખમ વધી શકે છે. રાજેન્દ્ર દ્વારા આપવામાં આવેલી અરજીમાં પોલીસ સ્ટેશનમાં એસસી/એસટી અને આઈટી એક્ટ સહિત ઘણી આકરી કલમોમાં કેસ નોંધાયો છે. પોલીસ ઈન્સ્પેક્ટર રતન કુમાર સિંહ કેસની તપાસ કરી રહ્યાં છે.

# અમરેલીના ઉદ્યોગપતિ ચીમનભાઈ મહેતાની પ્રથમ પુણ્યતિથિ નિમિતે દીપક હાઈસ્કૂલમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો






અમરેલીના ભામશા ઉદ્યોગપતિ ચીમનલાલ ખીમચંદ મહેતાનું ૯૧ વર્ષની વયે ગત વર્ષે ગુરૂપૂર્ણિમાના પ્રભાતે દુઃખદ અવસાન થયેલ. તેઓએ જીવનમાં અનેક પડકારોનો સામનો કરી પુરષાર્થ અને દ્રષ્ટિ પૂર્વકના આયોજનથી તેઓ Dipak Group of company ની સ્થાપના કરી વ્યવસાય ક્ષેત્રે ઝડપથી પ્રગતિ કરી. વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિમાં જન્મેલા ચીમનભાઈનું જીવન ધર્મપરાયણ અને પરોપકારી હતું. અમરેલીના ખીમચંદ મુલચંદ જૈન બોર્ડીંગના તેઓ મુખ્ય દાતા હતા. ૧૯૯૦ માં દીપક હાઈસ્કૂલ, અમરેલીની સ્થાપના તેમના દાનથી થઈ હતી. આ સંસ્થાના તેઓ પ્રેરણાસ્ત્રોત રહ્યા અને આજ પર્યત તેમણે સંસ્થા માટે ઉદાર દેણગી આપેલ છે. ૨૦૧૫માં તેઓ અમરેલી આવેલ, આ તેમની છેલ્લી મુલાકાત હતી. તેઓના માધ્યમથી માનવતાના અનેક કાર્યો થયેલા છે. ૧૯૮૨ના વાવાઝોડા તેમણે પોતાની ઓફીસ શરૂ કરેલ અને જરૂરિયાત વાળા લોકોને મદદ કરેલ. અમરેલીમાં જૈન સમાજ, બહેરા મુંગાશાળા, કામનાથ ડેમનો પ્રોજેકટ, રેડક્રોસ, બાબાપુર સર્વોદય સરસ્વતિ મંદિર સહિત અનેક સંસ્થાઓને તેમણે ઉદાર દાન આપ્યા હતા. તેમણે પોતાના ગુરૂ ભદ્રન્કર દીપકના નામે વિશ્વકોષ ટ્રસ્ટમાં અનેક પ્રવૃતિઓ શરૂ કરાવી હતી. પૂજય ગુરૂ ભદ્રન્કર દીપકના સાહિત્યનું સંપાદન અને પ્રકાશન પણ તેમણે કરાવેલુંછે. તેમનો સ્વભાવ નિરાભિમાની તથા તેમના વિચારો અત્યંત રચનાત્મક અને પ્રેરક હતા. તેમની વિદાયથી અમરેલીની જાહેર સંસ્થાઓને ભારે મોટી ખોટ પડી છે. ગુરૂપૂર્ણિમાના પવિત્ર દિને જ તેઓ પોતાના દિવંગત ગુરૂના સાનિધ્યમાં પહોચી ગયા છે. તેમની સ્મૃતિ સદાયે રૂપાયતન પરિવારના હદયમાં અકિત રહે અને તમામ બાળકોને તેમના જીવન કાર્યમાંથી પ્રેરણા મળે તે માટે તેમની પ્રથમ પુણ્યતિથિ નિમિતે હાઈસ્કુલ ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન તમામ બાળકોને તેમના જીવન ઝરમર થી પરિચિત કરવામાં આવ્યા. પુરૂષાર્થથી માણસ કેટલી પ્રગતિ કરી શકે અને ધર્મથી યુકત થઈ કઈ રીતે સમાજ સેવા કરી શકાય તેમનું માર્ગદર્શન બાળકો અને વાલીઓને આપવામાં આવ્યું. વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આયોજીત સી.કે.મહેતા સાહેબના જીવન ઝરમર સંબંધીત વ્યાખ્યાનમાળામાં આદરણીય ભારતીબેન મહેતાએ ખૂબ સુંદર શબ્દોમાં ચીમનભાઈ મહેતા સાહેબને ભાવાંજલિ અર્પણ કરી છે. વિદ્યાર્થીઓને તેમનો વિડિયો Youtube ના માધ્યમથી દર્શાવી પ્રેરણા પૂરી પાડેલ. સાથો સાથ ઉતમ વકતવ્ય કેમ અપાય તેમનું કૌશલ્ય પણ બાળકોને શીખવવામાં આવેલ. કાર્યક્રમના અંતે તમામ શિક્ષકો, વિદ્યાર્થીઓએ ભીના હદયે આપણી શાળાના પ્રેરણાપુરૂષ આદરણીય ચીમનભાઈને પુષ્પાજંલિ અર્પિત કરેલ. તેમ આચાર્ય ડો. અમિતભાઈ ઉપાધ્યાયની યાદી જણાવે છે.

### માર્કેટયાર્ડનાં ચેરમેન દિપક માલાણીનાં અધ્યક્ષ સ્થાને

## સાવરકુંડલા ખાતે તાલુકા કક્ષાનાં સહકારથી સમૃદ્ધિ અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા તા. ૨૪/૭/૨૦૨૪, દેશભરમાં સહકારી પ્રવૃતિનો વ્યાપ વધે અને ડીઝીટલ ટ્રાન્ઝેકશન દેશના ખુણે ખુણે છેવાડાના માનવી સુધી પહોંચે અને તે રીતે ભારતની ઈકોનોમી વિશ્વમાં ત્રીજા નંબર પર લઈ જવા ટેકારૂપ બને તેવા ઉદેશથીભારત સરકારના દેશનાં સહકાર મંત્રલાય દ્વારા ‘‘ સહકારથી સમૃધ્ધી અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’’ ની ઝુંબેશ ચાલી હી છે. તે અંતર્ગત સાવરકુંડલા તાલુકા કક્ષાનો સેમિનાર એ.પી. એમ.સી.ના ચેરમેન દિપકભાઈ માલાણીનાં અધ્યક્ષસ્થાને યોજાયો. જેમાં જિલ્લા રજીસ્ટ્રાર કચેરી નાં કર્મચારી હિરેન એન ભટ, જે.વી. પટેલ, ભાવનગર જિલ્લા સહકારી બેંકના જનરલ મેનેજર આર.ડી. સરવૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં ભાવનગર જિલ્લા સહકારી બેંકના જનરલ મેનેજર આર.ડી. સરવૈયાએ ‘સહકારથી સમૃધ્ધિ અને સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર’ કાર્યક્રમની રૂપરેખા આપી તે અંતર્ગત ગ્રાઉન્ડ લેવલે કરવાના કામોની અને જવાબદારીની માહીતી આપેલ ત્યારબાદ જિલ્લા રજીસ્ટ્રાર કચેરી અમરેલીના મદદનીશ સહકારી અધિકારી હિરેન એન ભટ તથા જે.વી. પટેલએ ભારત સરકારના સહકાર મંત્રાલય તરફથી દેશનું સહકારી માળખુ સક્રિય અને સશકિતીકરણ બનાવવા માટે જે વિવિધ પ્રકારની યોજનાઓ અમલમાં આવી છે. તેમજ પીએસીએસ માટે જે ૧૭ અલગ-અલગ ઈનીશ્યેટીવ લાગુ કરવામાં આવે છે. તે બાબતે વિસ્તૃત જણકારી આપી સાથે સભાસદોને સહકારી બેંકોમાં ખાતા ખોલવવા અંગે માહિતી આપેલ હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષાથી દિપકભાઈ માલાણીએ જણાવેલ કે, સરકારએ આઝાદી બાદ શરૂ કરેલ સહકાર મંત્રાલય અને દેશના પ્રથમ સહકાર મંત્રી અમીતભાઈ શાહ માન. પ્રધાનમંત્રીના ‘ ‘સહકારથી સમૃધ્ધી’’ના સુત્રને સાર્થક કરવા માટે રાત-દિવસ પરીશ્રમ કરીને શ્રેણીબધ્ધ યોજનાઓ અને કાર્યક્રમો આપેલ છે. તેના ભાગરૂપે દેશના ખુણે-ખુણે છેવાડાના નાગરીક સુધી સહકારી પ્રવૃતિ પહોંચે એ સહકારી ક્ષેત્રની મજબુતી વિકસીત ભારતના સપનાને સાકાર કરવામાં મદદરૂપ થશે. જેથી સૌને સહીયારા પ્રયાસથી સહકારી બેંકોને મજબૂત બનાવી આત્મનિર્ભર ભારત પહેલને સાર્થક બનાવવાની છે. સભાસદોને એ.ટી.એમ,. માઈક્રો એ.ટી.એમ,. ડેબીટકાર્ડ અને રૂપે કાર્ડ સેવા મંડળીમાં જ ઉપલબ્ધ થાય તેમજ ગ્રામ્યસ્તરે બેંકીગ સુવિધા ઉપલબ્ધ બને અને તેના મારફત ડીઝીટલ ટ્રાન્જેકશનમાં દેશ ટોચે પર પહોંચે અને દેશની ઈકોનોમી વિશ્વમાં ત્રીજા નંબર પર લઈ જવામાં વેગ મળે અને વહેલીકે લક્ષ સિધ્ધ થાય તે માટે અંગેના એકશન પ્લાનની વિગતવાર સમજુતી આપી આપણે સૌએ દેશનો દરેક નાગરિક પછી તે ગમે તે વર્ગનો હોય તેનુ એકાઉન્ટ અને વ્યવહારો સહકારી બેંક મારફત કરવા જણાવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં ભાવનગર જિલ્લા સહકારી બેંકના એડમીન પંડયાભાઈ, સાવરકુંડલા તાલુકા શાખાના આસી. મેનેજર પંડયાભાઈ તથા મનીષભાઈ રાણપરીયા,અમરેલી જી.મ.સ.બેંકના સાવરકુંડલા શાખા મેનેજર સી.પી.ખુંટ, સીનીયર ઓફિસર એન.એમ.દેસાઈ તથા બેંકના કર્મચારીઓ, એ.પી.એમ.સી.નાં કર્મચારીઓ અને તાલુકાની સહકારી મંડળીઓના પ્રમુ, મંત્રીઓ, સભાસદઓ, એ.પી. એમ.સીના ડીરેકટરઓ, વેપારીઓ, કમીશન એજન્ટઓ સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલી જતાં જજ એસ.એસ. શેઠીએ કર્યો હુકમ

## સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારની માનસિક વિકલાંગ સગીરા સાથે દુષ્કર્મ કરનાર ઈસમને ૨૦ વર્ષની સજા

### આરોપીને રૂપિયા ૨ લાખ દંડ અને ભોગ બનનારને ૬ લાખનુ વળતર ચુકવવા આદેશ

અમરેલી, તા.૨૪

સાવરકુંડલાનાં એક ગ્રામ્ય વિસ્તારની સગીરા સાથે દુષ્કર્મ કરનાર શખ્સને સાવરકુંડલાની સ્પેશ્યલ મોકસો કોર્ટના જજ એસ.એસ. શેઠીએ સરકારી વકીલ વિકાસ વડેરાની દલીલોનાંઆધારે ૨૦ વર્ષની સજા, રૂપિયા ૨ લાખનો દંડ અને ભોગ બનનારને રૂપિયા ૬ લાખનુ વળતર ચુકવવા આદેશ કરેલ છે.

વિગત એવા પ્રકારની છે કે સારકુંડલાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતી વિધવા મહિલાની ૧૭ વર્ષની માનસિક વિકલાંગ દિકરી સાથે તે જ ગામનાં ભરત લાલજીભાઈ સોલંકી નામના ઈસમે ગત તા. ૧૫ ઓકટો. ૨૦૨૨નાં રોજ દુષ્કર્મ કર્યાની ફરીયદ તાલુકા પોલીસમાં નોંધાયેલ જે અંગેનો કેસ ચાલી જતાં આરોપીને ૨૦ વર્ષની સજા, દંડ અને વળતર ચુકવવા આદેશ કરવામાં આવેલ છે.

## અમરેલીમાં શહેરી વિસ્તારમાં ફરિયાદોનો ધોધ વહેતા વિપક્ષ આકરા પાણીએ

અમરેલી, તા.૨૪

અમરેલી શહેરના જુદા જુદા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ કરવા માટે નગરપાલિકા દ્વારા જે ગટરો બનાવવામાં આવેલ છે તે તમામ ગટરો હાલમાં બ્લોક હોય જેથી વરસાદની સીઝનમાં ગટરનું પાણી રોડ - રસ્તા ઉપર ફેલાતુ હોય જેથી આ વિસ્તારમાં ચાલતા વાહન ચાલકો તથા વિસ્તારના રહેવાસીઓ, વેપારીઓને ખુબ જ હાલાકી પડે છે. તો આ મુદ્દાનો કાયમી નિરાકરણ કરવા અને ગટરની સાફ સફાઈ કરાવવા નમ્ર વિનંતી છે તેમજ હાલમાં લાઠી રોડ, ચિતલ રોડ નું વરસાદી પાણી સેન્ટર પોઈન્ટ ચિતલ રોડથી થઈને સોમનાથ મંદિર સુધી પાણી એકી સાથે પ્રવાહમાં આવતુ હોય અને તેની સાથે શહેરની ગંદકી, કચરો વગેરે આ વિસ્તારમાં રહેતા લોકોના ઘર સુધી પહોંચતા હોય આ ગટરો પણ બ્લોક થઈ ગયેલ છે અને ઘણા સમયથી આ ગટર સાફ કરવામાં આવેલ નથી તો આ ગટરોની પણ સાફ સફાઈ કરાવવા અને આ જે સમસ્યા છે તેનું કાયમી નીરાકરણ કરવા વિનંતી તથા જુના તળના વિસ્તાર - ટાવર રોડ, હરી રોડ, રાજકમલ ચોક જેવા વિસ્તારોમાં ખુબ જ પાણી ભરાતુ હોય અને આના કારણે વેપારીઓ હેરાન પરેશાન થતા હોય તો જે જુના ગામતળ ની જે ગટરો પેક થઈ ગયેલ છે તે ખોલાવી અને સાફ કરાવી અને પાણીનો નિકાલ કરવા અમરેલી નગરપાલિકા વિપક્ષ નેતા સમીર કુરેશી દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું છે.

### મુરઝાતી મોલાત અને ચહેરાઓ ઝુમી ઉઠયા

## વડિયા પંથકમાં અંદાજીત 3 ઈંચ જેટલા વરસાદથી ખુશીનો માહોલ

### સકરોળામાં વરસાદથી આવ્યું ઘોડાપુર



અમરેલી, તા. ૨૪

વડિયા પંથકમાં છેલ્લા ૩૬ કલાકમાં ૩ ઈંચ વરસાદ પડતા મુરઝાતી મોલાત અને ચહેરામાં ખુશીનો માહોલ જોવા મળી રહયો છે. વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસતા લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ધોધમાર વરસાદથી વડિયા શહેરના રોડ ઉપર નદી જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

### જિલ્લાની જનતામાં વરસાદનાં આગમનથી ખુશીનો માહોલ

## અમરેલી શહેર સહિત જિલ્લાભરમાં છેલ્લા ૪૮ કલાકમાં હળવાથી લઈને ૬ ઈંચ વરસાદ

### અમરેલીમાં મંગળવાર રાત્રિથી બુધવાર બપોર સુધી વરસાદ



અમરેલી, તા. ૨૪

અમરેલી શહેર સહિત જિલ્લામાં ગઈકાલથી ફરી એક વખત હળવા ઝાપટાંથી લઈ પોણા ચાર ઈંચ જેટલો ધોધમાર વરસાદ પડ્યો હતો. જેને લઈ ખેતરોમાંથી પાણી વહી ગયા હતા.

અમરેલી શહેરમાં ગઈકાલ રાત્રિથી ધીમીધારે શરૂ થયેલ વરસાદ આખી રાત શરૂ રહેતા સાંજના ૮ વાગ્યા સુધીમાં મીમી. જેટલાં પડેલા વરસાદના કારણે શહેરની તમામ મુખ્ય બજારોમાં નદીઓ વહેવા લાગી હતી. જયારે શહેરમાં નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. અમરેલી શહેરમાં વરસાદ પડતાં શહેરની મપ્રયમાં આવેલ જુના માર્કેટ યાર્ડ રોડ તથા ડો.જીવરાજ મહેતા ચોક સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી વહી ગયા હતા.

બગસરા પંથકમાં ૬ ઈંચ જેવો વરસાદ ખાબકતા શેત્રુંજી નદીમા આવ્યું ઘોડાપુર આવ્યા હતાં. શેત્રુંજી નદીમા ઘોડાપુર આવતા અમરેલી પંથકના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતાં.

વડીયા પંથકમાં પણ વહેલી સવારથી જ ધોધમાર વરસાદ પડતાં રોડ ઉપર નદી જેવા દ્રશ્યો સર્જાયા હતાં. ઉપરાંત પોસ્ટઓફિસ રોડ, પી. જી.વી. સી.એલ. રોડ પાણી પાણી થઈ ગયા હતાં. વડીયા તાલુકાના સુરગપરા, કૃષ્ણપરા, સદગુરૂનગર, ઢુંઢીયા પીપરિયા, તોરી, હનુમાન ખીજડિયા, ખાન ખીજડિયા, સાકરોળા વિસ્તારમાં પણ વરસાદ વરસ્યો હતો.

ખાંભા તાલુકાના ગીરના ઉપરવાસના ગીદરડી, તાતણીયા, ઉમરીયા, પીપળવા સહીતના ગામોમાં ધોધમાર વરસાદ.

ખાંભામાંથી પસાર થતી ધાતરવડી નદીમાં ચોમાસાની સિઝનમાં પહેલીવાર ખાંભાની ધાતરવડી નદીમાં પુર આવ્યું હતું.

રાજુલા શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે ડુંગર, કુંભારીયા, હિંડોરણા, છતડીયા સહિત ગામોમા વરસાદ વરસ્યો હતો.

રાજુલા શહેરના છતડીયા રોડ પર વરસાદી પાણી ભરાતા લોકો પરેશાન થયા હતાં.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલ રૂમ ખાતે આજે સવારે ૬ થી સાંજના ૬ સુધીમાં બગસરા ૭૧ મીમી વડીયા ૩૬ મી.મી, બાબરા ૫ મી.મી; લાઠી ૪ મીમી. લીલીયા ૩ મીમી અમરેલી ૧૫ મી.મી. ધારી ૪ મી.મી. સાવરકુંડલા ૬ મી.મી, ખાંભા ૧૦ મી.મી, જાફરાબાદ ૪ મી.મી, રાજુલા ૩૪ મી.મી, વરસાદ નોંધાયો હતો.

### ધાર્મિક સ્થાનો દ્વારા દબાણ હોવાનું તંત્ર માને છે

## સાવરકુંડલાના ધાર્મિક સ્થાનોને દૂર કરવાની નોટિસ મળતા હિન્દુ-મુસ્લિમમાં નારાજગી

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત ધાર્મિક વડાઓની મદદ માંગવા દોડયા



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા શહેરનાં ૩૯ જેટલા હિન્દુ-મુસ્લિમનાં ધાર્મિક સ્થાનોમાં કથીત દબાણ મામલે નોટિસ પાઠવામાં દોડધામ મચી છે.

દરમિયાનમાં આજે જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે માનવ મંદિર અને કબીર ટેકરીનાં ગાદીપતિ સહિત મુસ્લિમ સંતોને મળીને ધાર્મિક સ્થાનોને મળેલ નોટિસ સામે વિરોધ કરવા આગેવાની લેવા અનુરોધ કર્યો હતો.

### કેન્દ્ર સરકારનાં વિકાસલક્ષી બજેટને આવકારતા ધારાસભ્ય

## ૨૦૪૭નાં વિકસિત ભારતનો પાયો નાખતુ મોદી ૦૩ સરકારનું વિઝનરી બજેટ : મહેશ કસવાલા

### ખેતીપ્રધાન દેશમાં કૃષિ અને ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ જ ભારતના અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ



સાવરકુંડલા, તા. ૨૪

દેશને નવી ઊંચાઈએ લઈ જવાના મોદી ૩ સરકારના ધ્યેય સાર્થક કરવા કૃષિ અને ઈન્ફ્રાસ્ટકચર સાથે નવા રોજગાર માટે બે લાખ કરોડનું પેકેજ ભારતની અર્થવ્યસ્થા દુનિયામાં ચમકી પાકૃતિક ખેતી સાથે ૧ કરોડ ખેડુતો જોડાયા જે દેશની નવી આશાઓનો સંચાર મોદી સરકારે સાર્થક કરી બતાવ્યો છે. ત્યારે રોજગાર વધારવા પર ભાર મૂકીને કૃષિ ક્ષેત્ર માટે ૧ લાખ કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યુંછે. જયારે ખેડુતોને જમીનની જાણકારી ડિઝીટાઈઝ થશે. ડિઝીટલ ઈન્ફ્રાસ્ટ્રર પર જોર અપાશે ને કામના ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી પર જોર કૌશલ પ્રશિક્ષણ માટે જોર મુકાશે.

સરકાર સૌના સાથ સૌના વિકાસ માટે પ્રતિબધ્ધ હોય ત્યારે મેન્યુફેકરીગ સેકટર પર ખાસ ફોકસ મહિલાઓને નોકરીઓમાં નવી તકો અપાશે પી.એમ.યોજના હેઠળ ૧૫૦૦૦ રૂપિયા મળશે. ત્રણ ફેઝમાં પીએમ યોજનાનો મળશે જેનાથી ૧ કરોડ ખેડુતો માટે નેચરલ ફાર્મિગનો લાભ થશે. કૃષિ ઉત્પાદન પહેલી પ્રાથમિકતા આપવામાં આવી છે ને બિહારમાં નવા ત્રણ એકસપ્રેસ બનશે

રોજગાર કૌશલ અને એમએસએમઈ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે તો મહિલા હોસ્ટેલની સ્થાપના કરાશે. પાંચ રાજયોમાં જનસમર્થન ક્રેડિટ કાર્ડ, શિશુ ગૃહોની સ્થાપના કરવામાં આવશે, પટણા-પુર્ણિયા એકસપ્રેસ વે બનશે. બિહાર અને આંધ્રપ્રદેશ માટે ખાસ ભાર મુકવામાં આવ્યો છે ને બિહારમાં નવી મેડિકલ કોલેજ અને એરપોર્ટ બનાવવા માટે બજેટમાં સ્પેશ્યલ ફાળવણી કરવામાં આવી છે.ત્યારે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાએ બજેટની સૌથી મોટી વાતો પર જણાવ્યું હતુ કે, ભારત દેશ ૨૦૪૭ ના ધ્યેય સાથે જેટ ગતિએ આગળ વધી રહ્યો હોય ને ભારત દેશ વિશ્વ સત્તા બનવા તરફની મોદી સરકારની કૂચ સાથેના બજેટમાં દેશમાં પરમાણુ યોજનાને પ્રોત્સાહન અપાશે, સિંચાઈ યોજના માટે ૧૧ હજાર ૫૦૦ કરોડની જોગવાઈ, હિંદુ,બૌધ્ધ, જૈન તિર્થ સ્થળોનો વિકાસ કરાશે. અનેક શહેરોમા ૧૦૦ સ્ટ્રીટ માર્કેટ બનશે. ભારતમાં વૈશ્વિક પ્રવાસને વિકસાવાશે.

નાલંદાને ટુરિસ્ટ સ્પોટ તરીકે વિકસાવાશે, એક હજાર આઈટીઆઈને અપગ્રેડ કરવામાં આવશે. પીએમ ગ્રામ સડક યોજના ચોથા તબક્કાનો પ્રારંભ, ૨૫ હજાર ગામડાઓ સુધી નવા રસ્તા બનાવશે, મફત વીજળી માટે ૧ કરોડ ઘરોમાં સોલાર પેનલ, પીએમ સૂર્યઘર યોજના માટે ૨.૮ કરોડ રજીસ્ટ્રેશન, પીએમઆવાસ યોજનાના ૩ કરોડ આવાસ બનશે, ઉચ્ચ શિક્ષણ માટે લોનની યોજના, કોઈ પણ ગરીબ પાકા મકાન વીના નહી રહે તો શહેરી વિસ્તારમાં એક કરોડ ઘર બનાવાશે, ૩૦ લાખથી વધુ વસ્તીવાળા ૧૪ શહેરો માટે યોજના, શહેરી ગરીબોને ૨.૨ લાખ કરોડની સહાય, ૧ કરોડ વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશિપનો કાર્યક્રમ ઈન્ટર્નશિપનો નવો કાર્યક્રમ જાહેર કરાશે, ટોચની ૫૦૦ કંપનીઓમાં ઈન્ટર્નશિપ, વિદ્યાર્થીઓને ૩ ટકા વ્યાજ પર લોન, પ્રથમવાર નોકરી મેળવનારને ૧૫ હજાર, મુદ્રા લોનમાં હવે ૨૦ લાખ સહાય, દેશમાં ૧૨ નવા ઈન્ડ્રસ્ટ્રીયલ પાર્ક બનશે. ત્યારે ધારાસભ્ય મહેશ કસવાલાએ વિકાસલક્ષી બજેટને આવકાર્યું છે તેવું સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ સંચાલિત DLSS - શુટીંગ રમતના વિદ્યાર્થીઓનો રાજય કક્ષાએ અવિરત દબદબો



શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલમાં અભ્યાસ કરતા અને શુટીંગ રમતમાં ૬૦ મી ગુજરાત સ્ટેટ ઓપન સાઈટ શુટીંગ ચેમ્પિયનશીપનું આયોજન, અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં અમરેલીના શ્રીમતી એસ.એચ. ગજેરા ડી.એલ.એસ.એસ શુર્ટીંગના આ ખેલાડીઓએ (૧) બાંભણીયા સૃષ્ટિ – ગોલ્ડ મેડલ (૨) બાંભણીયા રાજેશ – ગોલ્ડ મેડલ (૩) તાવીયા બિપીન – સિલ્વર મેડલ (૪) તાવીયા ગુંજલ – સિલ્વર મેડલ (૫) વાઘેલા ખુશાલી – સિલ્વર મેડલ (૬) કાવર ધરમ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી અમરેલી જીલ્લા અને શાળા પરીવારનું ગૌરવ વધાર્યુ હતું. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેટકર વસંતભાઈ પેથાણી દ્વારા અભિનંદન અને શુભેચ્છા પાઠવેલ હતી. અને આ વિદ્યાર્થીઓ આગામી સમયમાં દેશનું પ્રતિનિધિત્વ કરે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવ્યું હતું. આ ખેલાડીઓને ડી.એલ.એસ.એસ. શુટીંગ કોચ પુલ્કીતાબેન નિમ્બાવલ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેટકર વસંતભાઈ પેથાણી, શુટીંગ કોચ પુલ્કીતા નિમ્બાવલ, ટ્રેનર અને ડી.એલ.એસ.એસ. સ્ટાફ તેમજ શાળાના આચાર્યઓ અને સ્ટાફગણે તમામ વિદ્યાર્થીઓને હદયપુર્વક અભિનંદન પાઠવી તેમની સિધ્ધિને બિરાદાવી હતી અને ભવિષ્યમાં હજું સારૂં પ્રદર્શન ગુજરાત રાજય અને ભારત દેશનું પ્રતિનિધીત્વ કરે અને ગૌરવ વધારે તે માટે પ્રોત્સાહન પુરૂ પાડવામાં આવેલ હતું.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરાનાં કોટડાપીઠાનાં વતની**

અને હાલ રાજકોટ રહેતા આરોપી ભગીરથભાઈ રામભાઈ બસીયા પાસેથી સને ૨૦૧૬ ના વર્ષમાં રૂપિયા ૮ લાખ ૪ ટકાના વ્યાજે લીધેલ હોય, બાદ તેમને વૃધ્ધે સોનાના ઘરેણાની લોન કરી, રૂપિયા ૪ લાખ તેમજ મકાનની લોન કરી રૂપિયા ૪,૫૦ લાખ તથા પોતાના ઓટો રીક્ષા તથા ફોરવ્હીલ ગાડી વેચીને રૂપિયા ૩,૫૦ લાખ લકઝરી બસ વેચીને રૂપિયા ૬ લાખ મળી કુલ ૧૮ લાખ મુદલ કરતા ડબલ કરતા રોકડ રકમ રૂપિયા ચુકતે કરી આપેલ હોય, તેમ છતાં આરોપીએ વૃધ્ધની બાબરા તાલુકાના કર્ણુકી ગામની સર્વે નં – ૨૦૭ જેના ક્ષેત્રફળ ૧–૨૧–૫૮ સાડા સાત વિઘા જમીનનો કબ્જા વગરનો દસ્તાવેજ કરાવી લઈ કિંમતી જમીન પડાવી લીધેલ હોય, અને તેમની પાસેથી વ્યાજે લીધેલ રૂપિયા પરત કરી દીધેલ હોય, તેમ છતા વૃધ્ધ પાસે અવાર–નવાર રૂપિયા ૧૪ લાખ તથા ૪% લેખે વ્યાજની કડક ઉઘરાણી કરી, પૈસા નહી આપે તો વૃધ્ધ તથા તેના પથુભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૦ | ૧૨૩૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૬૩૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૧૫૦ | ૧૪૯૪ |
| ૫ | તલ સફેદ | ૨૦૫૦ | ૨૭૦૧ |
| ૬ | તલ કાળા | ૩૦૪૦ | ૩૪૯૯ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૫૨૦ | ૩૫૨૦ |
| ૮ | જુવાર | ૭૮૦ | ૮૦૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૬૫ | ૫૬૧ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૭૦ |
| ૧૧ | મગ | ૧૫૯૬ | ૧૬૪૫ |
| ૧૨ | ચણા | ૧૧૦૩ | ૧૩૦૧ |
| ૧૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ૧૪ | જીરૂ | ૪૬૪૦ | ૪૭૫૦ |
| ૧૫ | ધાણા | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ૧૬ | સોયાબીન | ૮૪૩ | ૮૪૩ |

પાના ૮ ઉપરનું ચાલું **છેતરપીંડી અને વિશ્વાસઘાત થયો**

તથા એ.સી. નંગ–૪ મળી કુલ રૂપિયા ૭,૩૪,૧૫૦ની ખરીદી કરી તે રકમની ચુકવણી ન કરી વેપારી સાથે ઠગાઈ કરી તથા તથા પ્રિતીબેન રાજેન્દ્રભાઈ જોગી (રહે. બગસરા) ને પણ ૪૦૦ પંખાનો ઓર્ડર આપી પંખાના રૂપિયા ૭,૪૦,૦૦૦ન આપી છેતરપીંડી કરેલ. તેમજ આરોપી સોહીલભાઈ હનીફભાઈ ચાનીયા સહિત બન્ને આરોપીઓએ સાથે મળી વેપારી યુવક પોતાના બાકી નીકળ તા હિસાબના પૈસા રૂબરૂ આરોપીના ઘરે માંગવા જતા આરોપીએ યુવકને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૩ | ૧૫૬૭ |
| ૨ | મગફળી | ૧૦૮૦ | ૧૧૪૦ |
| ૩ | જીરૂ | ૪૬૬૫ | ૪૮૭૫ |
| ૪ | ઘઉં | ૪૯૦ | ૫૧૦ |
| ૫ | તલ | ૨૨૯૫ | ૨૩૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૨૦ | ૧૨૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૨૩૧ |
| ૩ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૭૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૩૧ |
| ૫ | જીરૂ | ૪૫૦૦ | ૪૮૨૨ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૪૮૭ |
| ૧૦ | મગ | ૧૪૫૦ | ૧૫૩૧ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૧૨ | એરંડી | ૧૦૦૦ | ૧૧૫૦ |

## બગસરા જૂથ વિકાસ મંડળી લી.ની ૭૦મી વાર્ષિક સાધારણ સભા મળી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૪

બગસરા જૂથ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લી. બગસરાની ૭૦મી વાર્ષિક સાધારણ સભા લેઉવા પટેલ સમાજ ગોકુળ પરા બગસરા ખાતે રાખવામાં આવેલ તેમાં ચેરમેન અમરેલી જીલ્લા સહકારી સંઘ મનીષભાઈ સંઘાણી સાહેબ, અમરેલી જીલ્લા બેંકનાં સી.ઈ.ઓ. બિ.એસ કોઠિયા, ઈફકોનાં અધિકારીઓ તેમજ મંડળીનાં પ્રમુખ વિઠલભાઈ હિરાણી ઉપપ્રમુખ ભીખુભાઈ ટીંબડીયા સમગ્ર વ્યવસ્થાપક કમિટી સભ્યો, કર્મચારી સ્ટાફ તેમજ બહોળી સંખ્યામાં શેર સભાસદ ભાઈઓ તેમજ બહેનો હાજર રહેલ વાર્ષિક સાધારણ સભા શરૂ કરતાં પહેલા મંડળીનાં સ્થાપક સ્વ. અરજણભાઈ વેલજીભાઈ પટેલને હાર પહેરાવી શ્રધ્ધાંજલી આપવામાં આવી ત્યારબાદ દીપ પ્રાગટય કરી વાર્ષિક સાધારણ સભાની શરૂઆત કરવામાં આવી. સૌપ્રથમ આમંત્રિત મહેમાનોનું પુષ્પ ગુચ્છ અને સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું. તેમજ શેર સભાસદોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ મંડળીનાં મંત્રી રવિકુમાર લુણાગરિયા દ્વારા પાક પરી સંવાદ કાર્યક્રમ પણ યોજવામાં આવેલ. તેમાં ખેડુતોને વિવિધ ખાતર તેમજ નેનો યુરિયા વિશે માહિતી આપવામાં આવી, અંતમાં મંડળીનાં સાધારણ સભા પૂરી કરવામાં આવી. આ કાર્યક્રમ સંચાલન તથા આભાર વિધિ વિનુભાઈ ધાડીયાએ કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરામાં ભારે વરસાદથી થયેલ**

ફરી વળતા ખેડૂતો અને નીચાણ વાળા વિસ્તારમાં રહેતા લોકોને ભારે નુકસાની પહોંચીછે. સર્વે કરવામાં આવે અને યોગ્ય વળતર ચુકવવા જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદિપ ધાનાણીએ કલેકટરને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

સંકુલ સ્કૂલ પ્રવેશ – સંકુલ કોલેજ પ્રવેશ

★ આર્ટસ – મનોવિજ્ઞાન રાજ્યશાસ્ત્ર • સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર • ઈતિહાસ ભૂગોળ
★ ધો. ૧૧–૧૨ કોમર્સ & સાયંસ બન્ને મિડીયમ – GM A & B ગ્રુપ – EM B ગ્રુપ
★ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમ માં પ્રવેશ મળશે.
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – (બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી)
★ BA & MA સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com.-M.Com.(બન્ને મિડીયમ)-BBA-MBA-BCA-MCA-B.Ed.-DMLT- ફાર્મસી

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad 058

## મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૦૨/૨૪ તા.૦૮/૭/૨૦૨૪

વિવાદી:– શ્રી વિનુભાઈ પોપટભાઈ પાથર,રહે. ઘુઘરાળા, તા.બાબરા, જી.અમરેલી
(મો.નં.૯૮૯૮૬૫૫૩૦૬)

વિરૂધ્ધ

પ્રતિવિવાદી:– જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી
ગ્રામ પંચાયત ઘુઘરાળા, તા.બાબરા, જિ.અમરેલી

**// જાહેર નોટિસ //** (મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે.ઘુઘરાળા** ગામના રહીશ આ કામના અરજદારશ્રીના માતુશ્રી **દિવાળીબેન પોપટભાઈ પાથરનું મરણ તા.૦૮/૦૨/૨૦૦૨ ના રોજ મોજે. ઘુઘરાળા, તા.બાબરા, જિ. અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૨૪/૦૬/૨૪** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૭/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
બાબરા**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૪૭૪ |
| ૩ | કપાસ | ૧૫૧૧ | ૧૫૫૭ |

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી










અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાન શકિત રેસીડેન્સીયલ ઓફ એકસેલન્સ તેમજ જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલના બાલમંદિરથી ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી જેમાં ૪૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉમંગ અને ઉત્સાહ સાથે ભાગ લીધો.જીંદગીમાં ગુરૂ વગર કોઈપણ વ્યકિત સંપૂર્ણ નથી બની શકતો, મનુષ્યને શીખવનાર તે ગુરૂ છે, શીખે છે તે શિષ્ય છે. આમ ગુરૂ શિષ્યનો સંબંધ કોઈ નકારી શકે તેમ નથી ગુરૂ શિષ્યના સંબંધ વિના સૃષ્ટિ ચાલી શકે તેમ નથી. ગુરૂ અને શિષ્યના સંબંધને ગાઢ બતાવવા અને ગુરૂ પ્રત્યેની લાગણીઓ વ્યકત કરવાનો દિવસ એટલે ગુરૂપૂર્ણિમા, આપણા દેશમાં ગુરૂ શિષ્યની મહાન પરંપરાના અનેક દષ્ટાંતો છેપ સનાતન સંસ્કૃતિમાં ગુરૂ શિષ્યની અ આ પરંપરા અનાદિકાળથી ચાલતી આવે છે. વૈદિક પરંપરામાં જણાવ્યું છે કે ગુરૂ એટલે અંધકારરૂણી અજ્ઞાનથી દિવ્ય પ્રકાશ રૂપી જ્ઞાન સુધી જવામાં માર્ગદર્શન આપેતે ગુરૂ કહેવાય.ગુરૂપૂર્ણિમાં નિમિતે સંસ્થામાં વિદ્યાર્થીઓ દ્વારા તમામ ગુરૂજનોને કુંમ–કુંમ ચાંદલો કરી વંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંગીત અને ગુરૂશિષ્ય થીમ પર નાટક ભજવવામાં આવ્યું ગુરૂ–શિષ્યના ખુબજ સુંદર ડ્રોઈંગ બનાવ્યા, નિબંધ, લેખન, ગુરૂ વિશે વકૃત્વ, ગુરૂ–મહીમાં અંગે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તમામ બાળકોએ ગુરૂપૂર્ણિમાની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ઉમંગપૂર્વક ભાગ લીધો જેમાં, મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા, ત્યારબાદ પેથાણી સાહેબ દ્વારા બાળકોને ગુરૂનો મહિમા વિશે ખૂબ સારી માહિતી આપી, જેમાં પ્રથમ ગુરૂ માતા–પિતા જેમણે જન્મ અને સંસ્કાર આપ્યા ત્યારબાદ શિક્ષા આપનાર શિક્ષકો ધર્મનો રાહ શીખવતા ધર્મગુરૂ આમ આ તમામ ગુરૂનો મહિમા અપરંપાર છે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, પ્રિન્સિપાલઓ અને શિક્ષણ સાથે જોડાયેલા શિક્ષકઓ દ્વારા ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને ગુરૂપ્રર્ણિમાની શુભેચ્છા પાઠવી.

## બજેટ માત્ર અમીરો અને શેરબજારના રોકાણકારો માટે ચર્ચાનો વિષય

# દેશના કરોડો પરિવારોને સરકારના બજેટ સાથે લેવા દેવા નથી

**દેશમાં એક વર્ગને ૩ થી ૪ કાર, આલીશાન બંગ્લો, ધીકતો ધંધો અને શેર બજારમાં મોટા રોકાણો છે**

**બીજી તરફ કરોડો વ્યકિતઓને કાલે મજુરી મળશે કે નહી, વેપાર થશે કે નહી સહિતની ચિંતા જોવા મળે**

**આવક કરતા જાવક હંમેશા વધતી હોય તેમને હવે, મોંઘવારીની ચિંતા જ નથી**

**ભાજપનો પુર્વ પ્રમુખ ડો. કાનાબારના સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ સંદેશ સૌને હચમચાવી દે તેવો છે**

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લા ભાજપનાં પુર્વ પ્રમુખ ડો.ભરત કાનાબાર હંમેશા દેશની સળગતી સમસ્યા, કરૂણા અને પિડાદાયક બાબતો અંગે અવાર – નવાર સોશ્યલ મીડિયાનાં પ્લેટ ફોર્મ 'એક્સ' પર સરસ અને પ્રેરણાદાયી ''સંદેશ'' વાયરલ કરેલ છે.

તાજેતરમાં તેઓએ વધુ એક 'સંદેશ'માં જણાવેલ છે કે, દેશમાં એક બાજુ એવા લોકો છે જેમની પાસે ૩–૪ કાર છે, રહેવા મોટા બંગલા છે, ધીકતો ધંધો છે ને શેર બજારમાં મોટા રોકાણો છે.... તે બધા પોતાની એ.સી.ઓફિસમાં ટીવીમાં નાણાપ્રધાનના બજેટ ભાષણ સાંભળતી વખતે એવા લીન થઈ જાય છે કે આંખનો પલકારો મારવાનું ભૂલી જાય છે અને ભાષણ પછી પોતાનાં ફાયદાનું કંઈ ચુકી ગયા નથી એ જોવા નેટ પરની અનેક વેબસાઈટો અને બીજા દિવસે તમામ છાપા ફેંદી નાખે છે. પોતાનાં બિઝનેશને અસર કરતા કોઈ ટેકક્ષમાં ફેરફાર થયો હોય તો પોતાનો નફો ઘટી જશે તેની ચિંતામાં આખી રાત પથારીમાં પડખા ફેરવે રાખે છે.



જયારે બીજી બાજુ આ દેશનાં કરોડો લોકોને એ ચિંતા છે કે કાલે મજુરી મળશે કે નહિ, પોતાનાં નાના ગલ્લામાં કે લારીમાં વકરો થશે કે નહિ કે કાલે દીકરીની સ્કુલની ફી ભરાશે કે નહી !! તેના માટે બજેટથી કઈ વસ્તુ સસ્તી થઈ અને કંઈ મોંઘી થઈ તે જાણવાનો કોઈ મતલબ નથી કેમ કે તેની આવકનાં પ્રમાણમાં તો દરેક વસ્તુ તેના માટે કાયમ મોંઘી જ છે. તેની પાસે કેપીટલ ઝીરો છે એટલે તેને કેપીટલ ગઈન ટેક્ષના ફેરફારની ફીકર નથી પણ તેને ચિંતા એ છે કે દર મહિને વ્યકિત દીઠ ૫ કિલો રાશનની સરકારની યોજના ચાલુ છે કે નહિ.

કેન્દ્ર સરકારના બજેટમાં ખાદ્ય ઘટી છે તેનાથી તેને કોઈ મતલબ નથી કેમ કે તેના ઘરનાં બજેટમાં ખાદ્ય કાયમી ધોરણે ''ઘર'' કરી ગઈ છે !!!

## યુવાનોમાં વિકરતી જતી ડ્રગ્સની સમસ્યા

## ડ્રગ્સનું આકર્ષણ : જીવતા મૃત્યુની શરૂઆત

અમરેલી, તા. ૨૪

ડ્રગ્સ એક એવું વ્યસન છે તે વ્યકિતને એકવાર બાંધી લે પછી છોડતો નથી. તેનાં વધુ પડતા સેવનથી માનસિક હાનિ થાય છે. ડ્રગ્સ શરીર અને મનની સામાન્ય કામગીરીને અસર કરે છે. આ સ્થિતિને 'ડ્રગ એબ્યુઝ' અથવા 'ડ્રગ એડિકશન' કહેવામાં આવે છે. જે વ્યકિત આ તબકકે પહોંચે છે તે ઘણીવાર સામાન્ય જીવન જીવવામાં અસમર્થ હોય છે. તે પોતાની જાતને શારીરિક, માનસિક અને નાણાકીય સ્તરે નષ્ટ કરે છે. આ એક એવી આંધળી સુરંગ છે જે બરબાદીના મુખ તરફ લઈ જાય છે. ભારતમાં ડ્રગ્સની સમસ્યાનો ફેલાવો નાના ગામડાઓ અને શહેરોથી લઈને મેટ્રોપોલિયન શહેરો સુધી વિસ્તરી ગયો છે. યુવાનો ઘણા કારણોસર ડ્રગ્સની અંધારા રૂપ ગલીમાં પ્રવેશ કરે છે. કયારેય જીવનમાં એકલતા, કયારેય ભાવનાત્મક અસલામતી અથાવ માતા–પિતાના પ્રેમના અભાવને કારણે, ઘરેલું વિખવાદ, જીવનની નિષ્ફળતા, વિવિધ કારણોસર તણાવ, ખોટી સંગસોબત, પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ, સમસ્યાઓમાંથી ક્ષણિક રાહતની અનુભૂતિ, મિત્રો તરફથી દબાણ કે આકાંક્ષા વગેરે બાબતો કેટલાક સગીરોને પણ ડ્રગ્સના વ્યસની બનાવી દે છે. ડ્રગ્સ એટલા બધા કાતિલ છે કે એકવાર ફકત ટેસ્ટમાટે લીધું તો પૂરી




જીંદગીથી હાથ ધોઈ બેઠા સમજવું.

કયાંય કયાંક પૈસાના અભાવથી ડ્રગ્સ ન મળવાને કારણે દીકરીઓ પોતાનું શીલ વેંચવા તૈયાર થઈ જાય છે. તેવી બાબતો પણ જાણવા મળ ી છે. અને તે જ રીતે દીકરાઓ ચોરી, લુંટફાટ જેવી બાબતોથી શરૂ કરીને આતંકવાદ સુધી પહોંચી જાય છે. તેવા સમાચારો પણ કયાંય જાણવા આવે છે. ડ્રગ્સની આડઅસર માત્ર વ્યસની વ્યકિતનો જ નાશ નથી કરતીપ, પરંતુ તે પરિવાર, સમાજ અને રાષ્ટ્રને પણ બરબાદ કરે છે. ડ્રગ્સથી મળતો થોડીક ક્ષણોના આનંદનો ભ્રમ પછી કારમી વેદનાનો ભયંકર ચિત્કાર બને છે. ડ્રગ્સ લેનાર વ્યકિત મોટાભાગે બેભાન અવસ્થામાં પડી રહે છે. ડ્રગ્સ યકૃત, વિવિધ પ્રકારના કેન્સર, માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી શરૂ કરીને મૃત્યુ સુધી લઈ જાય છે. ગર્ભવતી મહિલા ડ્રગ્સનું સેવન કરતી હોય અથવા ગર્ભધારણ પહેલા ડ્રગ્સ લેતી હોય તો બાળકને પણ નુકસાન થાય છે. ઘણીવાર ખોડખાંપણ વાળા બાળ કો જન્મે છે. તો ઘણીવાર જન્મ્યાંનાં થોડા સમય બાદ જ બાળક મૃત્યુ પામી જાય તેવા દાખલા પણ છે. ઝેરને કુતૂહલતાથી ચાખો તો મૃત્યુ મળશે પણ ડ્રગ્સને કુતૂહલતાથી ચાખતા તો જીવતા મૃત્યુ મળશે.

## સાવરકુંડલામાં ધાર્મિક દબાણ અંગે મુસ્લિમ સમાજે આધાર–પુરાવા રજૂ કર્યા



સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલા ખાતે ધાર્મિક દબાણો દૂર કરવાની નોટીસ અંગે સાવરકુંડલા મુસ્લિમ હલાઈમેમણ જમાત દ્વારા આજે પાલિકાના ચીફ ઓફિસરને લેખિત આધાર–પુરાવા સાથે રાજાશાહી વખતનો દસ્તાવેજની કોપી રજૂ કરવામાં આવી હતી. જે મિલ્કત વકફ કરેલ હોવાના આધાર–પુરાવા સુન્ની મુસ્લિમ સમાજના અગ્રણી ભુરાભાઈ કુરેશી સાથે પાલિકામાં મેમણ હલાઈ જમાતના પ્રમુખ આસિફભાઈ હિંગોરા અને રાજુભાઈ પોપટીયાએ રજૂ કર્યુ હતુ.

## સાવરકુંડલા : લાલધામ આશ્રમમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી



સાવરકુંડલા, તા. ૨૪

શ્રી લાલધામ ખાતે રામાપીર મંદિરે તા. ૨૧.૭.૨૦૨૪ ને રવિવારના રોજ 'ગુરૂ ગોવિંદ દોનો ખડે ખિસકો લાગુ પાય બલિહારી સદગુરૂ દેવની જિસને ગોવિંદ દિયો દિખાય' પરમ પૂજય સદગુરૂ સ્વામી પુ.લાલ બાપાના કૃપાપાત્ર પુ.હસુબાપુની જયાં દિવ્ય ચેતના પ્રકાશી રહી છે એવી ભાવ ભૂમિ લાલધામ આશ્રમ ખાતે સદગુઢ ચરણની પૂજા ભજન અને સંતોનો સમાગમ ગુરૂપૂર્ણિમાના દિવસે થયેલ અને તેમાં ગુરૂમુખી ગુરૂ બંધુવો એ દર્શન અને પૂજનનો લાભ લીધેલ ભજનના આરાધક રમેશભાઈ ખુમાણ, ભીખાભાઈ વિંઝુડા કે ભજન સંતવાણીનો લાભ આપેલ તેમજ અન્ય સેવક ગણોએ સંતવાણીનો લાભ લીધેલ અને સદગુરૂ ચરણને પૂજા કરે શ્રી લાલ ધામ સેવા ટ્રસ્ટ ના તમામ સભ્યોએ હાજરી આપેલ અને લાલધામ આશ્રમના મહંત પૂજય ચંદ્રિકાબેન ગુરૂ હસુબાપુની એક યાદી જણાવે છે તેમજ સી.કે. ખુમાણની (કેસરી)ની યાદી જણાવે છે.

## નાણામંત્રી નિર્મલા સીતારમણે દ્વારા રજુ કરવામાં આવેલ બજેટને આવકારતા યુવા નેતા મનીષ સંઘાણી

અમરેલી, તા. ૨૪

દેશના પારથીપ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં નેતૃત્વની ૦.૩ સરકારનાં નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સતત સાતમી વખત બજેટ રજૂ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. ત્યારે આ બજેટને આવકારતા અને આભાર વ્યક્ત કરતા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના અપ્રયક્ષ મનીષ સંઘાણી દ્વારા જણાવ્યું હતું. કે આ બજેટમાં શિક્ષણ, રોજગાર, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો પર ધ્યાન આપવામાં આવ્યું છે. જેમાં સ્ટાન્ડર્ડ ડિડકશન રૂપિયા ૫૦ હજારથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવ્યું. આ સિવાય ૦ થી ૩ લાખ રૂપિયા સુધી કોઈ ટેકસ ચૂકવવો પડશે નહીં. ૩ થી ૭ લાખ રૂપિયા માટે ૫%, ૭થી ૧૦લાખ રૂપિયા માટે ૧૦%, ૧૦થી ૧૨ લાખ રૂપિયા માટે ૧૫%. ૧૨થી ૧૫ લાખ સુધી ૨૦%. ૧૫ લાખથી વધુના પગાર પર ૩૦ટકા ટેકસ



લાગશે. મુદ્રા લોનની રકમ ૧૦ લાખ રૂપિયાથી વધીને ૨૦ લાખ રૂપિયા થઈ ગઈ છે. ૫૦૦ટોચની કંપનીમાં ૫ કરોડ યુવાનોને ઈન્ટનશિપનું વચન આપવામાં આવેલ છે. મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ ૧ કરોડ ઘરોમાં દર મહિને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આ વખતે બજેટમાં ૧.૫૨ લાખ કરોડની મસમોટી જાહેરાત કરવામાં આવી છે.

આ ફંડની મદદથી કૃષિ ક્ષેત્રને બને તેટલો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ખેતીની ઉત્પાદકતા વધારવા માટે પગલાં લેવામાં આવશે. વધારે ઉપજ આપતા પાકની જાતો (પ્રકાર)નો ઉપયોગ કરવામાં આવશે. સંશોધનને પ્રોત્સાહ આપવામાં આવશે. સરકાર કુદરતી ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાકના ઉત્પાદન, સંગ્રહ અને માર્કેટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. શિક્ષણ અને કૌશલ્ય માટે રૂ. ૧.૪૮ લાખનો ખર્ચ થશે. શાકભાજીના ઉત્પાદન અને સપ્લાય ચેઈન માટે ક્લસ્ટર બનાવવામાં આવશે. ૪૦૦ જિલ્લામાં પાકનો સર્વે કરવામાં આવશે તેમજ ૩૨ પાકોની ૧૦૯ નવી જાતો રજૂ કરવામાં આવશે. કેન્સરની દવાઓ, સોનું અને ચાંદી, પ્લેટિનમ, મોબાઈલ ફોન, મોબાઈલ ચાર્જર, ઈલેક્ટ્રિકલ વાયર, એક્સ–રે મશીન, સોલર સેટ, લેધર અને સીફૂડ વગેરે સસ્તું થશે.

**શ્રમિકોએ અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજનાની પોલીસી રીન્યુઅલ કરાવી લેવી**

## અમરેલી જીલ્લામાં ૧૦ હજારથી પણ વધુ શ્રમિકો અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજનામાં જોડાયા

**નાગરિકો ગ્રુપ અકસ્માત પોલીસનું વીમા રક્ષણ માત્ર રૂ.૩૯૯માં ૫ લાખ અને રૂ.૬૯૯માં ૧૦ લાખ મેળવી શકશે**

અમરેલી, ૨૪

અંત્યોદય શ્રમિક સુરક્ષા અકસ્માત વીમા યોજના – ૨૦૨૪ હેઠળ શ્રમિકોને માત્ર ૨૮૯ રૂપિયાના વાર્ષિક પ્રીમિયમમાં ૦૫ લાખ અને ૪૯૯ રૂપિયામાં ૧૦ લાખનું વીમા કરાય મળવાપાત્ર છે. ત્યારે આ યોજના હેઠળ પોલિસી ધારકોને વીમા પોલિસી રીન્યુઅલ કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

પોસ્ટ વિભાગ અને ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટસ બેંક દ્વારા શ્રમિકો માટે અંત્યોદય શ્રમિક સુરક્ષા યોજના ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને તત્કાલીન સંચાર રાજય મંત્રી દેવુસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં ખેડા જીલ્લામાં નડિયાદ ખાત ૦૮ જુલાઈ ૨૦૨૩ના રોજ શરૂ કરવામાં આવી હતી.

આ યોજનામાં માત્ર ૨૮૯ રૂપિયાના વાર્ષિક પ્રીમિયમમાં ૦૫ લાખ તેમજ ૪૯૯ રૂપિયામાં ૧૦ લાખનું વીમા કવચ શ્રમિકોને ટાટા જનરલ ઈન્સ્યોરન્સ, બજાજ જનરલ ઈન્સ્યોરન્સ, નિવા બાપુ હેલ્થ ઈન્સ્યોરન્સ, અને સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સ, પાટનર્સ કંપનીના સહયોગથી આપવામાં આવી રહ્યું છે. યોજના અંતર્ગત ગયા વર્ષે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં અમરેલી જીલ્લામાં અંદાજીત દસ હજારથી પણ વધુ શ્રમિકો આ પોલિસી ગયા વર્ષે લીધેલ હોય તેમને રીન્યુઅલ માટે તેમને અમરેલી જીલ્લામાં વસતા અન્ય શ્રમિકો આ યોજનામાં જોડાય તે માટે નજીકની પોસ્ટ ઓફિસમાં પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ શ્રમિકો સિવાયના પણ નાગરિકો ગ્રુપ અકસ્માત પોલિસીનું વીમા રક્ષણ માત્ર ૩૯૯ રૂપિયામાં ૧૦ લાખ મેળવી શકાશે. તેમ અધિક્ષક, ડાકઘર અમરેલી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક ''અટલ પેન્શન યોજના''ની કામગીરીમાં દેશમાં પ્રથમ સ્થાને







મુંબઈ ખાતે પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલ્પમેન્ટ ઓથોરીટી દ્વારા "APY" સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ હતુ. જે અન્વયે દેશભરની તમામ પબ્લીક સેકટર, પ્રાઈવેટ સેકટર, રીજિયોનલ રૂરલ બેંક તથા સહકારી બેંકો અટલ પેન્શન યોજના હેઠળ દેશના નીચલા તથા મધ્યમ વર્ગના લોકોને તેમની વૃધ્ધાઅવસ્થામાં પેન્શનનરૂપી સહારો મળી રહે તે હેતુથી સમાજીક સુરક્ષાની કામગીરી કરી રહેલ છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.એ અટલ પેન્શન યોજના હેઠળ સને. ૨૦૨૩–૨૪ દરમ્યાન તા.૦૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં ૧૫૧૯ નવા સબસ્ક્રાઈબર્સ જોડી ભારતભરમાં સહકારીક્ષેત્રે પ્રથમ સ્થાન હાંસલ કરેલ છે. દેશભરની તમામ બેંકોમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. એ અટલ પેન્શન યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલ્પમેન્ટ ઓથોરીટી, દિલ્હી દ્વારા "Exemplary Award of Par Excellence" એવોર્ડ અર્પિત કરી અમરેલી જિલ્લા બેંકને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવેલ હતી. ભારત સરકારની અટલ પેન્શન યોજનાથી વધુમાં વધુ લોકો આ યોજનામાં લાભાર્થી બને તે હેતુથી અપાયેલ લંક્ષ્યાંક બેંકના અને ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની રાહબરી હેઠળ બોર્ડ ઓફ ડિરેકટર્સ અને બેંકના જનરલ મેનેજર બી.એસ. કોઠીયાના માર્ગદર્શન હેઠળ બેંકના તમામ સ્ટાફના સફળ પ્રયત્નોથી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. દ્વારા હાંસલ કરી માત્ર ૪૮ દિવસમાં ૧૫૧૯ ના લાભાર્થી જોડીને સર્વશ્રેષ્ઠ કામગીરી કરેલ છે. સમર્ગ દેશની સહકારી બેંકોમાં સર્વ પ્રથમ સ્થાન મેળવી CIRCLE OF EXCELLENCE કેમ્પેઈન હેઠળ વિશિષ્ઠ સિધ્ધિ મેળવી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. એ "Exemplaary Award of Par Excellence" એવોર્ડ પ્રાપ્ત કરી જિલ્લા સહિત સહકારી શ્રેત્રે ગૌરવ હાંસલ કરેલ છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. એ અટલ પેન્શન યોજના તળે અપાયેલ લક્ષ્યાંક સામે ૨૦૨ ટકાના શ્રેષ્ઠ કામગીરી કરી પ્રથમ સ્થાન મેળવી સમગ્ર દેશમાં અટલ પેન્શન યોજનાની કામગીરીમાં વિક્રમજનક પરિણામ મેળવેલ છે. અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. જિલ્લાનાં ખેડૂતોની પોતીકી બેંક તરીકે કાર્યરત હોય બેન્કીંગ કામગીરી જિલ્લાના છેવાડાના લોકો સુધી પુરી પાડતી બેંક સરકારની અનેક વિવિધ યોજનાઓની કામગીરી કરી રહેલ છે. તેમ બેંકના જનરલ મેનેજર (સી.ઈ.ઓ) શ્રી બી. એસ. કોઠીયાની યાદી જણાવે છે.

## વહીવટીતંત્ર છેલ્લા એકાદ મહિનાથી વ્યવહારૂ માર્ગ શોધી ન શકતા

# અમરેલીનાં જીઆઇડીસીનો વાહન વ્યવહાર ઠપ્પ થયો

દાયકાઓથી વરસડા ફાટક પાસેનો માર્ગ ખાનગી પ્લોટ માલીકે બંધ કરી દેતા અફડાતફડી

જીઆઇડીસીનાં તમામ વાહનોને જલારામનગરનાં માર્ગ પર વાહન ચલાવવામાં પણ ભારે મુશ્કેલી

જલારામનગરમાં રહેણાંક વિસ્તાર, શાળાઓ હોવાથી સ્થાનિકો મહાકાય વાહનો ચાલે તે માટે તૈયાર નથી

અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે શરૂ થાય ત્યારની વાત ત્યારે, હાલ તો જીઆઇડીસીનાં ઉદ્યોગકારો આમથી તેમ ભટકે છે













અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં બ્રોડગેજ રેલ્વે લાઈન શરૂ થાય તેનો જીઆઈડીસીનાં ઉદ્યોગકારોને કોઈ વાંધો નથી પરંતુ રેલ્વે વિભાગ અને ખાનગી પ્લોટ માલીકે દાયકાઓથી કાર્યરત વરસડા રેલ્વે ફાટક નજીકનો માર્ગ બંધ કરી દેતાં જીઆઈડીસીનાં ઉદ્યોગકારોને નાછુટકે જલારામનગરમાંથી વાહન ચલાવવા પડે છે. પરંતુ ત્યાનાં સ્થાનિકોએ આજે મહાકાય ટ્રકો અટકાવતાં ઉદ્યોગકારો કલેકટરને રજૂઆત કરવા દોડી જઈને વ્યવહારૂ ઉકેલ શોધી આપવા માંગ કરી હતી.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલી ખાતે બ્રોડગેજ રેલ્વે લાઈનની કામગીરી શરૂ થતાં રેલ્વે વિભાગે રેલ્વે સ્ટેશન પાછળની તેમની જમીનને કોર્ડન કરવાનું શરૂ કરી દીધું, તો એક ખાનગી પ્લોટ માલીકે પણ તેમનો પ્લોટ બંધ કરતાં જીઆઈડીસીમાં અવરજવર કરતાં અને જયાં ૫ હજાર વ્યકિતઓને રોજગાર આપતાં ઉદ્યોગકારોનાં માલ સામાનની હેરાફેરી બંધ થતાં તેઓએ વૈકલ્પિક હનુમાનપરા-જલારામનગરમાં વાહન ચલાવતાં ત્યાં રહેણાંક વિસ્તાર, શાળાઓ, ધાર્મિક સ્થાનો હોય અને તે માર્ગ માત્ર ૧૮ ફૂટનો હોવાથી મોટા વાહનો ચાલે તો અકસ્માત થવાની સંભાવનાં હોવાથી સ્થાનિકોએ આજે ટ્રકોની અવરજવર અટકાવતાં ઉદ્યોગકારો કલેકટર કચેરીએ દોડી ગયા હતા અને અધિક કલેકટરને રજૂઆત કરીને જીઆઈડીસીનાં વાહનો માટે માર્ગની વ્યવસ્થા કરી આપવા રજૂઆત કરી હતી.

અમરેલીનાં ઉદ્યોગકારો છેલ્લા એક મહિનાથી માર્ગ માટે પદાધિકારીઓ અને અધિકારીઓની કચેરીનાં પગથિયા ઘસી રહ્યા છે પરંતુ આશ્વાસન સિવાય કશું મળતું નથી. જેથી ઉદ્યોગકારોની હાલત દયનીય બની છે.

### એક મહિલા સહિત ૨ વ્યકિતઓનું પરાક્રમ

## બગસરા પંથકનાં અનેક વેપારીઓ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત થયો

### પોલીસે બંને આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધી

અમરેલી, તા. ૨૪

બગસરાના હોસ્પિટલ રોડ ઉપર બ્રિજેશભાઈ જેન્તિલાલ રાઠોડ નામનાં ૨૬ વર્ષિય વેપારીને તે જ ગામે રહેતા આરોપી અને આર.સી.ઓન લાઈન કંપનીના માર્કેટીંગ મેનેજર રૂબીનાબેન હનીફભાઈ ચાનીયાએ ગત તા. ૨૭/૪/૨૪ થી તા. ૩૧/૫ દરમ્યાન કોઈપણ સમયે વેપારી સાથે મોબાઈલ તથા એ.સી.ના ખરીદીના વ્યવહાર કરી નફા પેટે કમિશન આપવાની લાલચ આપી વેપારીને આ ખરીદી દરમ્યાનનો વિસ કેળવી અલગ-અલગ વેપારીઓ પાસેથી મોબાઈલ નંગ-૧૨

અનુસંધાન પાના ૬ ઉપર

### ૮ લાખનાં ૧૬ લાખ ભર્યા છતાં ધમકી મળી

## બાબરાનાં કોટડાપીઠાનાં વતની અને રાજકોટ સ્થિત વૃધ્ધને વ્યાજે નાણા લેવાનુ ભારે પડયુ

### સ્થાનિક પોલીસે વ્યાજ વટાવનો વ્યવસાય કરનાર વિરૂધ્ધ ગુન્હો નોંધ્યો

અમરેલી, તા. ૨૪

બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના વતની અને હાલ રાજકોટના વેલનગર, ઋષિકેશ-૧, માં રહેતા બહાદુરભાઈ રામભાઈ બસીયા નામના ૬૫ વર્ષિય વૃધ્ધને મકાનની લોન ભરવા માટે રૂપિયાની જરૂરત હોય, જેથી જુનાગઢના બીલખા ગામના વતની

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)